# ગાઝા એકોક્તિઓ

## અરબીમાંથી અંગ્રેજી અનુવાદ: ફીદા જીરયીસ

## ગુજરાતી અનુવાદ: રૂપાલી બર્ક

૧. અહેમદ એલ રુઝી

જન્મ: ૧૯૯૩

અલ વહેદા સ્ટ્રીટ

યુદ્ધ પૂર્વે ગાઝા મારે મન મારી બીજી અમ્મી હતી. એની જમીન લંબાવવા માટેની હુંફાળી છાતી અને એનું આકાશ મારા સપના. . .અનંત. દરિયો મારી ચિંતાઓ ધોઈ નાખતો. પરંતુ આજે મને એ દેશવટા સમું ભાસે છે, મારા સપનાના શહેર જેવું બિલકુલ નથી લાગતું.

યુદ્ધ દરમ્યાન વીજળીના મુખ્ય થાંભલા પર મસમોટું રૉકેટ પડ્યું. મારા બધાં કાકા ઘરે હતાં. વીજળી જતી રહી. અમારા ઘર પાસે બીજી એક લાઈન ચાલુ હતી. હું મારા પાડોશી પાસે ગયો અને એમની પાસેથી ઍક્સટૅન્શન માગ્યું જેથી અમે બીજી લાઈનથી વીજળી મેળવી શકીએ. અમારા ઘરે વીજળી આવી કે તરત એ ઍક્સટૅન્શન પાછું લઈ જવા આવ્યા. અમારી વચ્ચે મોટો ઝગડો થયો.

યુદ્ધ વેળાએ બધાં પોતાનું જ વિચારે છે.

યુદ્ધ દરમ્યાન ઘણાં બધાં પાસે લોટની ૨૦ બોરીઓ હોતી અને ગેસની ખોટ ન હોતી જ્યારે બીજા પાસે બ્રેડનો એક ટૂકડો પણ ન હોતો. . .એમના પાડોશીઓ પાસે માંગતા પણ કોઈ એમને આપતું નહીં. મોટા ભાગના લોકો એમની ચીજવસ્તુઓને તાળાચાવીમાં રાખતા અને કોઈને કાંઈ આપતા નહીં. તો વળી બીજા સારા હતાં અને મદદરૂપ હતાં.

આપણાં વિષય પર પાછાં આવીએ. અમારા પાડોશીનું ઍક્સટૅન્શન હતું છતાં એમને પરત કરવા રાજી ના થયાં. પ્રથમ વખત અમને અહેસાસ થયો કે અમે કેટલા ખરાબ બની શકીએ છીએ. એજ ઘડીએ અમને સજા મળી ગઈ. અમારા બાજુના ઘર પર બોંબમારો થયો અને એના બે ભાગ થઈ ગયા. એક ભાગ અમારા પર પડ્યો. ઍક્સટઍન્શન અને વીજળી અને બધું મૂકીને મ્યુનિસીપલ પાર્કને અડીને આવેલા અમારા કાકાના ઘરે અમે દોડી ગયાં.

કાકાના ઘરને અડીને સરકારી મકાન છે અને સાંજ પડે લોકો કહેવા લાગ્યા કે એ મકાન પર બોંબ પડી શકે છે અને જો એમ થાય તો મારા કાકાના ઘરનું નામોનિશાન મટી જશે! શું કરવું કે કયાં જવું એની ગડમથલમાં અમે ત્યાં બેસી રહ્યાં. મારા અબ્બા હિંમત આપતા રહ્યાં, “ચિંતા ના કરો, ડરો નહીં, કશું નહીં થાય.” એમ ને એમ મધરાત સુધી બેસી રહ્યાં. રૉકૅટ અને વિસ્ફોટોના અવાજ વચ્ચે અબ્બા બોલતા રહ્યાં ચિંતા ના કરો, ડરો નહીં પરંતુ એકાએક બોલી ઊઠ્યા, “ચલો મારી પાછળ! આપણે પાછા ઘરે જઈએ!” એ ધ્રૂજતા હતા. એમની સાથે અમે પણ ધ્રૂજવા માંડ્યાં. મારી મમ્મી ચીસો પાડવા લાગી અને મારા કાકાની હાલત ખૂબ જ બગડવા લાગી. જેમતેમ કરીને અમે અમારા કાકાના કુટુંબ સહિત અડધી રાતે નાસી છુટ્યા.

અમે ઘર તરફ દોટ મૂકી . . . ઘેર પહોંચી ગયા એવું માનવામાં ના આવ્યું. આજ દિન સુધી યાદ નથી અમે કયાં અને કેવી રીતે સૂઈ ગયેલા. એ મકાનથી અમે દૂર હતા એ અગત્યનું હતું. અમે જોયું કે અમારા પાડોશી એમનું ઍક્સટૅન્શન પાછું લઈ ગયા હતાં. અમે અંધારામાં રાત ગાળી અને એમના ઘરમાં પ્રકાશ હતો. એમણે એમનું ઍક્સટૅન્શન પરત લઈ લીધું એ યોગ્ય કર્યું એવું મને લાગ્યું.

ત્યારબાદ મારા અબ્બાએ વીજ-જોડાણ અંગે રઘવાટ થઈ ગયો . . . એમણે ૩ ઈલૅક્ટ્રીક કૅબલ અને ૬ ગેસના બાટલા, ૨ ઈલૅક્ટ્રીક પૅન, ૨૦ નીયોન લાઈટ, મીણબત્તીના ૨૦ પૅક, કૅનના ૬ પૅક, ૬ ફ્લૅશલાઈટ અને બૅટરીના બે બૉક્સ ખરીદી લીધાં. અમે યુદ્ધ વચ્ચે જીવીએ છીએ અને પરિસ્થિતિ સુધરે નહીં ત્યાં સુધી અમારે સાવધાન રહેવું પડશે.

બીજા બધાં કરતાં મારી મનોગ્રંથી બદતર થઈ ગઈ. જાણે કે યુદ્ધ પૂર્વે હું ઉદાર હતો અથવા મને ચીજોના મૂલ્યનું ભાન ન હતું કારણ કે હું વિશ્વાસ નહોતો કરી શકતો કે એક એવો દિવસ આવશે જ્યારે મને પાણીનો ઘૂંટો કે બ્રૅડનો ટૂકડો નહીં મળે. પરંતુ યુદ્ધ બાદ હું એકેએક બાબતની અતિશય કાળજી લેવા લાગ્યો. ચામાં નામ માત્રની ખાંડ નાખતો અને બ્રૅડની લાદી તોડું તો એને પુરી કરવાની મને પરવાનગી મળતી નહીં. મારી ભૂખ મરી ગઈ અને હું ખરેખર કરકસર કરવા લાગ્યો. મારા અબ્બા કહેતા, “અહેમદ પાસે હમેંશા ખિસ્સાખર્ચી હોય છે.” . . . વાત સાવ સાચી છે કારણકે હું ખિસ્સાખર્ચી લઈને બચત કરું છું, રખે ને બીજું યુદ્ધ ફાટી નીકળે!

પરણેલો અને દસ બાળકોનો પિતા હોંઉ એવું લાગે છે મને. જીંદગીનો ડર લાગે છે મને . . . બધી બાબતોની . . . નાનામાં નાની ચીજનો . . . હમેંશા ચિંતાગ્રસ્ત હોંઉ છું. લાગે છે જાણે આખેઆખું ગાઝા ગતિશીલ રેતી પર સવાર હોય. તમે કલ્પના કરી શકો એવું ગાંડપણ આ સ્થળે ઘડીના છઠ્ઠા ભાગમાં થઈ શકે છે. થોકબંધ સપના પણ વાસ્તવ બની શકે છે. આ વિચિત્ર શહેર તર્કહીન છે.

વિશ્વની ૧/૩ વસ્તી ચીનમાં છે અને એ બધાં કામ કરે છે તેમ છતાં ગાઝા માટે પર્યાપ્ત માત્રામાં બૂટ અને શર્ટ બનાવી શકતાં નથી. ગાઝા બધું ઓહિયા કરી જાય છે. વિશ્વ એની પર હમલો કરે છે પરંતુ બધું ઠીકઠાક છે એવો ડોળ કરે છે. વાસ્તવમાં ગાઝા ગરીબીથી ખદબદે છે અને કચરામાંથી ખાવાનું શોધતા લોકો પણ છે અહીં.

કરુણાંતિકા એ છે કે પરિસ્થિતિ વણસતી જાય છે અને એથીય મોટી કરુણાંતિકા તો એ છે કે એને અટકાવી શકે એવું કશું જ નથી. દરેક ખાડાને તળિયું હોય છે, સિવાય કે ગાઝા. એક દિવસ હું સ્વતંત્રતામાં જીવતો હોઈશ એવું સ્વપ્ન જોંઉ છું. મને નથી લાગતું કે એ બહું મોટું સ્વપ્ન છે પરંતુ એ સાચું પડે એ બહુ મુશ્કેલીભર્યું છે.

અમને સ્કીઝોફ્રેનિયા અપાવતા પૅલૅસ્ટાઈનના ભાગલાનો અંત લાવવો એ પણ મારું સ્વપ્ન છે.

વિચારીને હું થાકી ગયો છું. પરંતુ એને રોકી શકતો નથી. અમારે વિનવણી કરવી રહી અને ઈશ્વર પુરું પાડશે. મિત્રો, રજા લઉં તમારી.

***

૨. અહેમદ તાહા

જન્મ: ૧૯૯૬

અલ દેરાજ

આખી જીંદગી હું માનતો રહ્યો કે ગાઝા દુનિયાનું સૌથી મોટું અને સુંદર શહેર છે. પરંતુ એક વખત હું **અબ્બા** સાથે જાફા ગયો હતો અને ભમેલું માથું લઈને પાછો ફર્યો. આખરે મેં અનુભવ્યું કે સોઈના નાકા જેવડું છે ગાઝા અને સુંદર પણ નથી. તે વધુ નાનું અને ખરાબ થતું જાય છે. કોઈ શ્વાસ લઈ શકતું નથી અને અમને પ્રવાસ કરવાની મનાઈ છે.

જેટલી વખત ગાઝાના રસ્તા પર ચાલું છું મને ગભરામણ થવા લાગે છે. જાફાનું ચિત્ર મારા મનમાંથી જતું નથી. હું મારી જાતને પુછું છું, ક્યાં છીએ અમે? બાકીના વિશ્વથી કેટલાં દૂર છીએ. હું હંમેશા દરિયા પાસે જતો રહું છું કારણકે મને લાગે છે કે એ ગાઝાનો હિસ્સો નથી. રેતી પર મારું નામ લખ્યાં કરું છું અને મોજાં આવીને એને ભૂંસી નાખે છે.

યુદ્ધ પૂર્વે મારે ઈલૅક્ટ્રૉનિક ઍન્જીનીયર બનવું હતું, પરંતુ યુદ્ધ શરૂ થયા પછી મને શાળામાં જવું બિલકુલ ગમતું નથી. મને થાય છે કે મારા જીવનમાં હું મહત્વનું કશું કરી શકીશ નહીં અને ધારો કે કરી શકીશ, તો ય શું? આ શહેરમાં બધું સરખું જ છે. કચરાના ઢગલા પર શું હું સૌથી સુંદર ફૂલ બની શકવાનો હતો?

બોંબમારો શરૂ થયો ત્યારે અમારા સિવાય બધી શાળાનાં બાળકો ઘરે જતાં રહ્યાં. આચાર્યએ અમને જવા જ ના દીધા. બાળકો ધમાલે ચડ્યાં અને ઘડીભરમાં બહાર નીકળીને શાળાના મેદાનમાં આવી ગયા. વિચિત્ર ઘટના એવી બની કે હું ઝયતુનેહ શાળામાં ભણું છું જે પાસપોર્ટ મંત્રાલય નજીક આવેલી છે અને એની પર જ પહેલો હુમલો થયો. શાળાના સૌથા મોટા ઝાડ પર રૉકેટ પડ્યું અને શેરડીની માફક એના બે ફાડચા થઈ ગયા. આ જોયા બાદ શાળામાં કોઈ ના રહ્યું – વિદ્યાર્થીઓ, શિક્ષકો કે આચાર્ય. અમે જીવ લઈને નાઠા.

મને એમ હતું કે યુદ્ધમાં એક માત્ર શહીદ જોવા મળશે તે આ ઝાડ પરંતુ જેવો ઘેર પહોંચ્યો ત્યાં અમારી શેરીમાં ચાર શહીદ હતાં. જાણે મારા આવજો કહેવાની રાહ જોતા હોય. એ પત્યું ત્યાં તો અમારી શેરીના એક જ કુટુંબના વધુ

ત્રણ શહીદોને લાવવામાં આવ્યાં . . . એમને દફનાવીને પાછા ફર્યા ત્યાં અમારા પાડોશીનું ઘર અને શેરીમાં આગળ બીજા બે ઘર જમીનદોસ્ત થઈ ગયા. બધાં મૃત્યુ પામ્યા. નાની છોકરીઓ પ્રત્યે મને સૌથી વધુ દુ:ખ થયું.

મને લાગતું કે ગાઝાના તમામ લોકોમાંથી યુદ્ધ મને જ નિશાન બનાવી રહ્યું છે. આખો દિવસ હું શહીદો જોતો રહ્યો.

શિફા હૉસ્પિટલમાં જોયેલું દૃશ્ય હું કદી ભૂલી નહીં શકું. એક ઉપર એક ખડકાયેલી સેંકડો લાશો. એમનું માંસ, એમનું લોહી અને એમનાં હાડકાં એકબીજામાં જાણે ઓગળી રહ્યા હતા. કોણ સ્ત્રી, કોણ પુરુષ કે પછી બાળક, એ કહેવું મુશ્કેલ હતું. ખાટલાઓ પર માંસના ઢગલા હતા અને થોકબંધ લોકો ચીસો પાડતા અને રડતા હતા. એમના સંતાનો, એમના પુરુષો અથવા એમની સ્ત્રીઓ ક્યાં હતી એની એમને ગતાગમ ન હતી.

એ દિવસે હું હૉસ્પિટલથી ઘેર પહોંચ્યો અને ડરનો માર્યો સવાર સુધી જાગતો રહ્યો. મને એમ કે આ એક જ રાત હું સુઈ નહીં શકું પરંતુ આજે પણ આંખ સામે એ બધાં છે અને હું સુઈ શકતો નથી!

***

૩. અશરફ સોસ્સી

જન્મ: ૧૯૯૪

અલ વહેદા સ્ટ્રીટ

પાડોશના બધાં જ બાળકોનો એ પ્રિય હતો. હળવા પવન જેવો નિશ્ચલ હતો. અબ્બા પાસેથી પોતાની ખિસ્સાખર્ચી લઈને મને આપી દેતો હતો.

બધાં એને ચાહતા હતાં. એના મિત્રો આવતા અને એ એમની સાથે શાળામાં જતો. પતંગિયાની માફક જમીન પરથી ઊડીને દોડી જતાં . . . જાણે આ વિશ્વ એમના માટે સર્જાયેલું હોય.

ઈઝરાયેલી વિમાનો આકાશમાં હતાં. પોતાના શિકાર ઉપર તરાપ મારવા આતુર દૈત્ય જેવો હૅલીકૉપ્ટરનો અવાજ હતો.

યારમાઉક સ્ટ્રીટ પર માથે ઈનામ લઈને ફરતાં માણસો ગાડીમાં જઈ રહ્યાં હતાં. ગાડી નજીક પતંગિયા હતાં. પતંગિયાને ખબર નહોતી કે આ ગાડી એવી આગ છે જે એમને બાળી મુકશે.

ગાડી પર રૉકેટ પડ્યું. મારો ભાઈ ટારેક જમીનથી પાંચ મીટર ઉચ્છળ્યો. ગાડીથી ઊંચો ઉચ્છળીને ચાલવા લાગ્યો. એને કશું થયું ન હતું. ઍમ્બ્યુલન્સ આવીને લાશો લઈ ગઈ. લોકોએ એને ઍમ્બ્યુલન્સમાં ચઢી જવા કહ્યું. પરંતુ એ બોલ્યો, “મને કશું નથી થયું,” અને શાળા તરફ ચાલતો રહ્યો.

૧૦૦ મીટર દૂર જઈને એણે એના હૃદય પર હાથ મૂક્યો અને શહીદી વ્હોરી લીધી. હું શેરીમાં શાળાની બસની રાહ જોતો ઊભો હતો અને મારી બહેને મને જઈને તપાસ કરવાનું કહ્યું. મેં તપાસ કરી પણ ટારેક દેખાયો નહીં એટલે હું શાળાએ જતો રહ્યો.

હું વર્ગખંડમાં હતો ત્યાં મારા કાકાએ આવીને મને કહ્યું કે તારે ત્રણ દિવસની રજા પાડવી પડશે. મને કોઈ શંકા ના ગઈ. અમે ગાડીમાં બેસી ગયા . . . મારા કાકાએ ડ્રાઈવરને સમાચાર બંધ કરવાના કહ્યાં. હવે મને શંકા જવા લાગી કારણકે મારા કાકાને સમાચાર સાંભળવાનો ખૂબ જ શોખ હતો. અમે ઘરે પહોંચીને લોકોની ભીડ જામેલી જોઈ. નીચે

ઉતરું એ પહેલા **અબ્બા**ને ખુરશીમાં બેસીને રડતા જોયા. મેં એમે પહેલી વાર રડતા જોયા. એમના હાથમાં મારા ભાઈ ટારેકનો ફોટો હતો. મેં એમને પૂછ્યું: "અબ્બા, શું મારો ભાઈ શહીદ થયો છે" એ બોલ્યા: "અલ્લાહ એની રૂહ પર રહેમ કરે."

હૉસ્પિટલથી એને ઍમ્બ્યુલન્સમાં ઘેર લાવ્યા . . . અમે બધાં એને વિદાય આપવા દોડી ગયા. દૂત જેવો સૂતેલો હતો, એના હાથમાં ચોપડી એવી જ પકડેલી હતી.

**અબ્બા** અમને એની સાથે સ્મશાને નહોતા જવા દેવા માગતા પણ હું ગાડીમાં બેસી ગયો. એને વિદાય આપી અને એની કબર પર ફ્નીહા દુઆ પણ પઢી . . . ત્રણ મહિના સુધી દરરોજ જઈને એની કબર પાસે બેસતો અને એની સાથે વાતો કરતો.

રાત્રે ઓરડામાં 'બહાદુર શહીદ ટારેક' લખેલાં એના ફોટા સામે તાક્યા કરું છું.

***

૪. અલા હજાજ

જન્મ: ૧૯૯૬

ઍલ શુજા'ઈએહ/ઍલ મોન્ટેર

મને શેરીઓમાં દોડ્યા કરવાનું મન થાય છે. હિજાબ આકાશમાં ઊડી જાય ત્યાં સુધી દોડવાનું અને એની પાછળ ઊડવાનું . . .

ઘણી વખત મને સાવ પાગલ બનવાનું મન થાય છે, પરંતુ નથી બની શકતી . . . પહેલી વખત આવું બોલી રહી છું. હું બોલતી હોવ છું એવી આ વાતો નથી. કદાચ આ એવી વાતો છે જે હું વ્યક્ત કરી શકતી નથી અથવા વ્યક્ત કરતા બીક લાગે છે . . .

મારા **અમ્મી-અબ્બા** શા માટે મારી સાથે આવું વર્તન કરતા હશે? મારી ઉંમરની છોકરીઓને હું જોઉં છું, એ જેવું જીવન જીવી રહી છે એની ઈર્ષા આવે છે મને – કાશ એમના જેવો આત્મવિશ્વાસ કેળવી શકતી હોત, એમના જેવી આઝાદી ભોગવી શકતી હોત.

કાશ એક વહાણ આવીને મને દૂર એક ટાપુ પર લઈ જાય અને એના કિનારે ફેંકી આવે, દુનિયાથી દૂર, બધાંથી દૂર, ખાસ કરીને યુદ્ધથી.

યુદ્ધની વાત કરું તો બધાં જ યુદ્ધ જાણે એક ઢગલો અને **અમ્મી** બીજો ઢગલો હતી. મને ક્યારેય નહીં સમજાય કે મેં નજરે જોયેલી બાબતોનું વર્ણન **અમ્મી** શું કામ મને સંભળાવતી રહેતી હશે!

**અમ્મી** અને હું બાલ્કનીમાં ઊભા હતા. અમારા પાડોશીના ઘર પર એમણે બૉંબ ઝીંક્યો અને એક પાડોશી મૃત્યુ પામ્યા . . . અમે જોયું કઈ હદે ઘરનો વિનાશ થયો અને શબ ઊડીને શેરીમાં પડ્યું. એ પછી એ કુટુંબની હાલત કેવી થઈ હશે એનો તમે અંદાજ લગાવી શકો છો.

એનો અંત આવ્યો. ના, બિલકુલ નહીં.

**અમ્મી** મને કહેવા લાગી કેવી રીતે અમારા પાડોશીના ઘર પર બોંબમ**ારો** થયેલો અને એક પાડોશી મૃત્યુ પામેલા. કેવી રીતે એમનું શબ ઘરમાંથી ઊડીને બહાર પડેલું. એવી રીતે બોલે જતી હતી જાણે ઘટના વખતે એની જોડે ના ઊભેલી વ્યકિત જોડે વાત કરતી હોય! વાતો ચાલતી જ રહી, સમગ્ર યુદ્ધ દરમ્યાન **અમ્મી** વાર્તાઓને વાગોળતી જ ગઈ અને હું હતો એમનો એકમાત્ર શ્રોતા.

અમે ટી.વી. જોતા બેઠા હોઈએ અને એવી જાહેરાત થતી કે કોઈક ઠેકાણે બોંબમારો કે વિનાશ થયો છે. અહેવાલ ૧૫ મીનિટ લાંબો હોય પરંતુ **અમ્મી**નો પુનરાવર્તિત અહેવાલ બે કલાકનો હોતો . . . અહેવાલની એવી રીતે વાત કરતી જાણે મેં એની સાથે બેસીને ટી.વી. જોયું ન હતું.

જો કે, આભાર માનો કે **અમ્મી** તમારી જોડે નથી નહીં તો એની વાર્તાઓ કહીને તમારું માથું દુખાડી દેત.

***

૫. અમાની અ. શોરફા

જન્મ: ૧૯૯૨

એલ રીમલ

લોકોને ભરીને ઊડી રહેલું વિમાન છે ગાઝા. અજાણ્યા ગંતવ્ય તરફ જતું. ના સ્વર્ગમાં ના નરકમાં ઉતરણ કરતું. કોઈ જાણતું નથી એ ક્યારે ઉતરણ કરશે. મારા જીવન પર્યન્ત બે વખત લોકો કદાચ આવી રીતે લટકતા રહેશે.

અહીં બધાં જ દિવસો એકસરખા છે; કશું નવું નહીં. સાવ સાદી વાત એ છે કે ગાઝામાં સ્વપ્નો અને ઈચ્છાઓને ફળીભૂત કરવા અઘરા છે, ખાસ કરીને જો એ મારા છે એવા હોય, કલાકાર બનવાના, ગાવાના અને અભિનય કરવાના અને સંગીત વગાડવાના. ગાઝામાં એકમાત્ર સંગીત છે મૃત્યુનું અને ઘા ઉપર નાચવાનું.

જો હું વિદેશ જઈને દિગ્દર્શનનો અભ્યાસ કરીશ તો સમાજ મને કઈ નજરે જોશે? હું સ્નાતક થઈ જઈશ પછી આ દેશ આવો જ હશે કે છે એનાથી બદતર હશે? બધું ધૂંધળું અને અસ્પષ્ટ લાગી રહ્યું છે. શુક્રવારે ફેરાસ માર્કેટમાં લોકોના ચહેરા જેવું અને યુદ્ધ શરૂ થયું એ દિવસ જેવું.

પાસપૉર્ટ મંત્રાલય પર સૌ પ્રથમ બોંબમારો થયેલો. મારી બહેનપણી અને હું પરીક્ષા આપી બહાર નીકળ્યા પ્રથમ સત્રની પરીક્ષાનો પ્રથમ દિવસ હતો. શાળાના ઝાંપા પાસે મિત્રોની રાહ જોતા વાતો કરતા બેઠા હતા જેથી બધાં સાથે ઘેર જઈ શકીએ. એકાએક હારબંધ ધડાકા થયા . . . હું આઘાતમાં સરી ગઈ અને મને લાગ્યું કે હું મૃત્યુ પામવાની છું. અમે નાસી છૂટ્યા અને હું ખરેખર ડરેલી હતી . . . સ્ત્રીઓને મેં દોડતી અને ચીસો પાડતી અને પોતાના ચહેરાને મારતી જોઈ . . . મને સમજાયું નહીં શું થઈ રહ્યું છે . . . મારા પગ પર ઊભી નહીં રહી શકું એમ મને લાગ્યું. દુનિયા ઘૂમવા લાગી . . . હું બેભાન થઈ ગઈ. મને કશાનું ભાન ના રહ્યું. મારી બહેનપણીના અવાજથી હું જાગી. એ બૂમ પાડી રહી હતી: “અમાની, ખુદાના વાસ્તે ઊઠ!”

જાગતાની સાથે હું રડવા લાગી. ક્યાં જવું કે શું કરવું એની ગતાગમ નહોતી પડતી. મારા કરતા એક મોટી છોકરીએ મને મદદ કરી. એણે મને ઘરે પહોંચાડી. જેવી ઘેર પહોંચી કે મારા મામાએ મને બાથમાં લઈ લીધી. હું ખૂબ

થાકેલી હતી. મેં આરામ કર્યો. મને કોઈની બાથમાં જકડાવવાની ઈચ્છા થઈ આવી. તમારા મૃત્યુની ઘડી નજીક છે એનો અનુભવ કરવો સૌથી અઘરો છે.

ગાઝાના દિવસ અને રાતને ઢાંકી દેનારું યુદ્ધ કાળા પ્રેત સમાન હતું. લોકો પર, પૃથ્વી પર, આકાશ પર અને અમે જે શ્વસતા હતા એ હવા પર એનું નરક લાદતું હતું.

યુદ્ધ બાદ હું ભાંગી પડી. મારા આત્મા પર એક મહાકાય પ્રક્ષુબ્ધ ફરી વળ્યું. મને લાગ્યું કે એના ભાર તળેથી હું મુક્ત નહીં થઈ શકું. પરંતુ નાટ્યગૃહ મારફતે મળેલા હાથના સહારા જેવું એ હતું; મને મોજા તળેથી બહાર ખેંચી કાઢી એ રબરની રીંગ જેવું હતું.

ઘણા લાંબા સમયથી ન અનુભવાયેલી નિરાંત હું આજે અનુભવી રહી છું . . . આશા રાખું છું કે હું હંમેશા આમ જ રહી શકું.

***

૬. અમજદ અબુ યાસિન

જન્મ: ૧૯૯૩

અશ શતી છાવણી

યુદ્ધના એક દિવસ પૂર્વે ગાઝા મારા માટે આનંદ અને સુખનું ઠેકાણું હતું . . . પ્રવાસ પર અને દરિયા કાંઠે જવું . . . જીંદગી ખુશહાલ હતી . . .હું કશા વિશે વિચારતો નહીં.

ગાઝા કલા અને રમતગમતમાં આગળ આવે એ મારું સ્વપ્ન હતું. મને લાગતું કે આ બે બાબત સિવાય બધું ઠીક હતું. પરંતુ બન્યું એવું કે કશું જ ઠીક નહોતું -- ના કલા, ના રમતગમત, ના આરોગ્ય, ના સુરક્ષા, બધું સરખું જ હતું.

ગાઝા મારા સ્વપ્નનું નગર બનતા અટકી ગયું કારણકે મારું સ્વપ્ન અભિનેતા બનવાનું છે. શું ગાઝાના ૨૦ લોકો માટે મારે અભિનેતા બનવાનું હતું? સરહદ ખુલવાની રાહ જોયા કરવાની હતી?!

જો મારા હાથમાં હોત તો હું યુદ્ધ, મૃત્યુ અને હિંસામાં ઘટાડો કરવાનો મારાથી બનતો પ્રયત્ન કરત. જમીન પર પડતા લોહીના એક એક ટીપા માટે આ શરમની બાબત છે. લોકોના મૌન અને અકુદરતી સહનશીલતા પ્રત્યે મને ઘૃણા છે. હું ઈચ્છું છું કે આવતી કાલે ગાઝા જાગે અને રસ્તા પર નીકળી મોટેથી બૂમ પાડે: “બસસસસસસસસસસસસસ!!!!”

યુદ્ધ શરૂ થયું ત્યારે અમે ફૂટબૉલ રમતા હતા. વાતાવરણ વિચિત્ર હતું. આકાશ લાલ હતું . . . અચાનક અમે વિમાનનો અવાજ સાંભળ્યો. આવો અવાજ મેં પહેલા ક્યારેય સાંભળ્યો ન હતો. અમને ડર લાગ્યો અને અમે જમીન પર આડા પડી મૃત્યુની રાહ જોવા લાગ્યા. ત્યારબાદ અમે થોડાંક મીટર દૂર એક મોટો ધડાકો સાંભળ્યો. અમે ચૂપચાપ એકબીજાના ચહેરા સામે જોતા રહ્યા અને અલવિદા કહેતા રહ્યા.

હકીકતે બોંબમારાનું નિશાન અમે નહોતા . . . આગળ રસ્તા પર માથે ઈનામ લઈ ફરતા માણસો ભરેલી ગાડી હતી. આમ છતાં, અમે બીજા રૉકેટની વાટ જોતા જમીન પર પડી રહ્યા. મારી સાથે મારા બે મોટા ભાઈઓ હતા.

એમના વિશે જ હું વિચારી રહ્યો હતો. મારા કરતાં એમના માટે મને વધુ ડર લાગતો હતો. એ પણ આવું જ અનુભવતા હશે એવું મને લાગતું હતું.

રમતગમતની મારી ચડ્ડી લઈ હું ખેતરમાંથી ભાગી ગયો. દોડતો હતો એવામાં બોંબની કરચ પર મારો પગ પડી ગયો. પગમાંથી કરચ ખેંચી કાઢીને હું એમને જોવા રસ્તા પર દોડ્યો. ત્રણ શહીદ હતાં. એમના ચહેરા ઓળખાય એવા રહ્યા નહોતા.

પહેલા શહીદના પગ સળગી રહ્યા હતા. એ મારી સામે જોઈ રહ્યો હતો અને હું એની સામે. બધાંની વચ્ચે એ મને કશી ચેતવણી આપી રહ્યો હતો જે હું સમજી શક્તો નહોતો...થોડી વારે મને ખ્યાલ આવ્યો કે અમારી તરફ઼ ધસમસતી આવતી એક ગાડી વિશે અમને સાવચેત કરવા માગતો હતો.

ત્યારે મને મૃત્યુનો અસલી અર્થ સમજાયો. ત્રણ શહીદના બદલે ચાર હોત.

હું આઘાતમાં હતો. ત્યાં ઊભો જોઈ રહ્યો હતો. બેભાન થયા પછી ભાનમાં આવ્યો એવો જ ઘર તરફ઼ મેં દોટ મૂકી.

યુદ્ધ આવ્યું અને જતું રહ્યું તોય અમે હજુ એને જીવી રહ્યા છીએ. પીડિતો હંમેશ ગરીબ લોકો હોય છે. જેમને કશા સાથે કશી લેવાદેવા હોતી નથી. કોઈ પણ દેશમાં જ્યારે ધરતીકંપ કે પૂરની ઘટના બને છે ત્યારે પણ ગરીબ લોકો જ અસરગ્રસ્ત થાય છે જાણે એમના વિરુધ્ધ સર્વવ્યાપક કોઈ ષડયંત્ર ના હોય.

***

૭. અનાસ અબુ આઈટાહ

જન્મ: ૧૯૯૫

અશ શેખ રદવાન

નાનો હતો ત્યારથી વિખ્યાત ફૂટબૉલ ખેલાડી બનવાનું સપનું જોઈ રહ્યો છું. મને વિશ્વવાસ હતો કે મારું સપનું પુરું કરી શકીશ . . . પરંતુ આજે મારા માર્ગમાં લાખો વિઘ્નો છે. આમેય મોટેરાઓ કે પછી બાળકો માટે પણ રમતગમતના મેદાન નહોતા. નાકેબંધી પછી પરિસ્થતિ વધુ વણસી છે.

હું વડાપ્રધાન હોત તો યુવા અને ખેલકૂદ મંત્રાલયને સૌથી વધુ ધ્યાન આપત. બધે જ રમતગમતના મેદાન ઊભા કરત, ખાસ કરીને શાળાઓને. વિદ્યાર્થીઓને છૂટથી રમવા દેત. એમને હાંકી નાખવાની શાળાના જમાદારની સત્તા છીનવી લેત. તમામ ક્લબની ફી રદ કરત અને બધા બગીચાની જાળવણી કરત.

પરંતુ નાનામાં નાના શક્ય બની શકે એવા સપનાની હત્યા થતી હોય તેવા સંજોગોમાં સ્વપ્ન, સુરક્ષા, આશા અને ભવિષ્ય જેવા શબ્દો પોતાનો અર્થ ખોઈ બેસે છે.

હું ગોલકીપર હતો અને મારો મિત્ર મોહમ્મદ મને હંમેશા કહેતો, "હું ગોલ કરીને જ રહીશ," પણ હું એનો ગોલ હંમેશા રોકી દેતો. યુદ્ધ દરમ્યાન ૭ જાન્યુઆરી, ૨૦૦૯ના દિવસે હું અમારા ઘરના દરવાજે બેઠો હતો. વાતાવરણ ધુમ્મસિયું હતું. કોઈકે મને આવીને સમાચાર આપ્યા કે તારો મિત્ર મોહમ્મદ શહાદત પામ્યો છે. મને વિશ્વાસ જ ના બેઠો. હું મારા મિત્રની શોધમાં નીકળ્યો. મૃત્યુ ના ખ્યાલથી જ મને ખૂબ ડર લાગતો હતો.

મેં મસ્જીદ પહોંચીને જોયું કે મારો સૌથી અઝીઝ દોસ્ત મોહમ્મદના લીરા ઊડી ગયા હતા. એનું શબ પૅલૅસ્ટાઈનના ધ્વજમાં લપેટેલું હતું. હું ધ્રૂસ્કે ને ધ્રૂસ્કે રડી પડ્યો. હું ઉદાસ હતો કારણકે હું એને બાથ ભરી કે ચૂંબન કરી શકું એમ નહોતું. હું એને ઉંચકવા લાગ્યો. અમે એને દફનાવવા કબ્રસ્તાન લઈ ગયા. હું ત્યાં બેસી રહ્યો. એને કહેતો રહ્યો કે હું એને કેટલું ચાહતો હતો. મને દુનિયામાં એકલો મૂકીને એ જતો રહ્યો માટે હું ખરેખર નારાજ હતો.

કબ્રસ્તાનમાંથી પાછો ફરી રહ્યો હતો ત્યારે જોરદાર બોંબમારો શરૂ થયો. મને લાગ્યું કે મૃત્યુનો દૂત મારો પીછો કરી રહ્યો છે અને મારો પીછો છોડવા તૈયાર નથી. પણ ખુદાનો આભાર કે હું હજુ જીવતો છું.

***

૮. ઍહાબ ઍલાયન

જન્મ: ૧૯૯૪

અલ સફ્તવી સ્ટ્રીટ

મને દરિયાની સમજણ આવી ત્યારથી મારી વિચારશક્તિ સીમિત છે. મારે મન જીંદગી એટલે જન્મવું, મોટા થવું, પરણવું, બાળકો કરવા, કામ કરવું, બાળકો ઉછેરવા, ખવડાવવા, ભણાવવા, પરણાવવા અને પછી મૃત્યુ પામવું.

પરંતુ યુદ્ધ બાદ મેં અનુભવ્યું કે વિચારતો હતો એના કરતા જીવન ઘણું કઠિન છે. ખ્યાલ આવ્યો કે આપણે લીધેલા પ્રત્યેક નાના પગલાં પાછળ લાખો ગાંઠો હોય છે.

મોટા થઈને બેકાર રહેવાનો ડર મને સતાવે છે કારણકે જ્યાં જાઉં ત્યાં પુરુષો એમના ઘર આંગણે નવરા બેસી રહ્યા હોય છે. સૌથી વધુ આ બાબત મને ડરાવે છે અને ઉદાસ બનાવે છે. આ જ કારણે ગાઝાના બાળકોએ જવાબદારી ઉઠાવી લીધી અને તેથી જન્મથી એમનું બાળપણ નકારવામાં આવ્યું છે.

**અમ્મી** હંમેશા કહેતી: “ઍહાબ મારું સૌથી શ્રેષ્ઠ સંતાન છે,” કારણકે હું કાયમ ઘરે રહેતો, ક્યારેય સમસ્યા ન થતી મને.

યુદ્ધ શરૂ થયું **અબ્બા**એ અમને ઘરમાં પૂરી દીધા કારણકે એમને અમારી સલામતી અંગે ખૂબ જ ડર હતો. બે કલાક પછી હું કંટાળ્યો. અમારા ઘર નજીક હું ચાલીને ગયો. પરંતુ આ વખતે ચાલવાનો અનુભવ જુદો હતો. ગાડીઓ પાસેથી ચાલતા મને બીક લાગતી હતી. ના કરે ને એ લોકો ગાડીઓ પર બોંબ ઝીંકે તો . . . હું સતત આકાશ તરફ જોઈ રહેતો. રખે ને કોઈ વિમાન આવે અને મારું ધ્યાન ના હોય ત્યારે મારી પર બોંબ નાખે. સફ્‍તાવી જીલ્લામાં બહુ ગતિવિધિ નહોતી થતી તોયે હું ભયભીત હતો. કશીક ભયાનક ચીજથી નાસતો હોઉં એમ મેં ઘર તરફ દોટ મૂકી અને યુદ્ધ શમ્યું ત્યાં સુધી ઘરમાં જ રહ્યો.

યુદ્ધ બાદ મારા જીવનમાં ધરકમ ફેરફાર થયો. કુટુંબ અને પાડોશીઓ સાથે મારા સંબંધ સુધર્યાં. પાડોશના પુરુષો સાથે મારો પરિચય વધ્યો અને ઘરડા લોકો સાથે ચોપાટ રમવા લાગ્યો. મારો બધો જ સમય ઘરના બહાર વિતવા લાગ્યો. એક પળ માટે ઘરમાં રહેવું મુશ્કેલ બની ગયું. "ઑહાબ મારું સૌથી શ્રેષ્ઠ સંતાન છે," એવું **અમ્મી** કહેતી નથી હવે.

મને જાણવા મળ્યું કે યુદ્ધ પૂર્વે મારું અસ્તિત્વ નહોતું. પરંતુ યુદ્ધ બાદ આ રહ્યો હું -- ખુદા મારી રક્ષા કરે! -- શહેરમાં, એની હવા શ્વસ્તા, ગાતા, નાચતા અને એની સાથે રડતા, આમ જીવન ગગડી રહ્યું છે . . .

***

૯. ટામૅર નાજૅમ

જન્મ: ૧૯૯૩

અશ શેખ રદવાન

ગાઝા માચીસની ડબ્બી છે . . . અને અમે એની અંદરની સળીઓ છીએ.

ગાઝામાં યુદ્ધ શરુ થયું ત્યારે બધું ધ્યાન અમારા પર હતું; અલ-જઝીરા, અલ-અરબીયાહ જેવી સેટેલાઈટ ચેનલોનું કેન્દ્રબિંદુ હતું ગાઝા. અમારી પરનો કબજો ખસવાનું નામ લેતો નહોતો. આખું વિશ્વ ગાઝામાં પરોવાયેલું હતું અને અહીં શું ચાલી રહ્યું છે એ જાણવામાં મશગૂલ હતું. અચાનક અલ-જઝીરાએ લખ્યું: “બ્રેકીંગ ન્યૂઝ: મોહમ્મદ અલ હિન્દીનું મૃત્યુ . . .” આ સામાન્ય ઘટના નહોતી. એ મોહમ્મદ મારા મામા હતા. પહેલી વાર મેં ટી.વી.ના લાઈવ ટૅલીકાસ્ટની ચીસાચીસને ત્યાંથી ખસીને અમારા ઘરમાં અનુભવી . . . ચીસો, બૂમો અને આંસુ . . .બધું મિશ્રિત. અમારા ઘરમાંથી બધું ગયું શેરીમાં. **અમ્મી** બેભાન થઈ ગઈ. થોડી વારે ફોન રણક્યો. મોહમ્મદ શહીદ થયા છે એ જણાવવા મારા બીજા મામાએ ફોન કર્યો હતો. આખા વિશ્વમાં સમાચાર ફેલાઈ ગયા છે એ બાબતથી એ અજાણ હતા. આ ટી.વી. પણ **ભયાનક** છે . . . વ્યક્તિ પર ગોળીબાર થાય, ગોળી છાતી તરફ જઈ રહી હોય ત્યાં તો ટી.વી. પર સમાચાર ઝબકી જાય.

પરંતુ આજકાલ બધી ચેનલો કામ વગર બેસી રહી છે . . . ગાઝામાં બીજું યુદ્ધ મોકલવાની દુઆ કરી રહી છે જેથી એમને કામ મળે.

આ તરફ મામાના મૃત્યુ પર અમે હૈયાફાટ રૂદન કરી રહ્યાં હતાં, એમને યાદ કરી રહ્યાં હતાં અને એમની વાતો વાગોળતા હતાં . . . લાંબા સમય સુધી અમે એમની વાતો કરતાં રહ્યાં, પછી એ ઓછું થવા લાગ્યું કારણકે ગાઝામાં મૃત્યુ સામાન્ય બાબત બની ગઈ હતી.

યુદ્ધ બાદ હું જીવતો રહીશ કે મરી જઈશ એની પરવાહ નથી મને. યુદ્ધમાં અમે જે જોયું છે એ પછી મને કશાની પરવાહ રહી નથી. એનું કારણ એ કે હું જીવતો રહીશ એવો દરેક દિવસ સૌથી મોટું બોનસ છે. યુદ્ધ શમ્યા બાદ હું જેટલું જીવીશ એ વધારાનું જ હશે કારણકે કોઈ પણ ક્ષણે મારું મૃત્યુ થઈ શકે એમ છે.

સાચું કહું, આ શહેરને ચાહું છું છતાં એનાથી વાજ આવી ગયો છું. ક્યારેક મને લાગે છે કે ગાઝાના સાડા દસ લાખ લોકોને હું ઓળખું છું. કશું નવીન નથી. એના એ જ દિવસનું પુનરાવર્તન થયા કરે છે દરરોજ. મને મુસાફરી કરવાનું, દૃશ્યો અને ચહેરાઓ બદલી નાખવાનું મન થાય છે. રોજ સવારે ઊઠું છું ત્યારે મારી આંખ સામે વીજળીનો થાંબલો હોય છે . . . એક દિવસ ઊઠીને જોઉ તો થાંબલો ગાયબ હોય . . . સુપર માર્કેટની દરવાજે અબુ ઈબ્રાહીમ અચુક ઊભો હોય છે. આબેદ કઠોળ વેચતો હોય છે અને અબુ ઍલ આબેંદ એના ઘરના દરવાજે બેસી રહે છે જાણે એનું ઘર નાસી જવાનું હોય . . . ઉમ ઈબ્રાહીમ ઊભો રહે છે ઉમ હસન સાથે . . . એક પછી એક ટેક્સી ડ્રાઈવરોને હું ઓળખી ગયો છું, મને ખબર છે કોણ શહેરમાં લઈ જાય છે અને કોણ દરિયા કાંઠે લઈ જાય છે . . . આત્મા ખંખેરી નાખનારું છે આ બધું!

મારા જીવનમાં જો એક કલાક જુદો પડતો હોય તો એ મારી થિયેચર પ્રૅકટીસનો કલાક છે. એ મારું કર્મ અને જીવનકાર્ય બની ગયું છે. અધીરતાથી હું એ કલાકની વાટ જોતો હોંઉ છું . . . થિયેટર ના હોત તો હું પાગલ થઈ ગયો હોત. મોટા થઈને મારે મહાન અભિનેતા બનવું છે. બાળપણથી મને અભિનયનો ખૂબ જ શોખ છે . . . બાળપણમાં જે પણ સંસ્થામાં જતો ત્યાંથી થોડાંક જ દિવસમાં હાંકી કાઢવામાં આવતો . . . પરંતુ આ વખતે વાત અલગ છે.

****

૧૦. ટાઈમા' આ ઓકાશા

જન્મ: ૧૯૯૭

અલ ટફાહ

મૅકરૉની, મુજાદ્દરા, નૂડલ્સ અને તમામ આકાર અને રંગના ડબ્બા . . . મેડ ઈન મૉરૉક્કો, ચાઈના, શ્રીલંકા, પાકિસ્તાન, સોમાલિયા . . . ઍક્સપાઈરી ડેટ ગમે તે હોય.

યુદ્ધમાં શેરીઓ ખાલી ડબ્બાઓથી ભરાયેલી રહેતી. કેટલાંય બાળકોને ખાલી ડબ્બાને કારણે પગમાં ઈજા થતી . . . કબજો કરનારાએ જમીન અને આસમાન થકી અમારી ઉપર યુદ્ધ છેડેલું હતું અને અમે ખોરાક પર દ્વેષી યુદ્ધ છેડોલું હતું.

અમે દિવસ દરમ્યાન ૧૦૦ વખત ખાતા હતાં. સવારના ૬ વાગ્યે આંખ ખુલા ત્યારથી બીજા દિવસની સવારના ૬ વાગ્યા સુધી અમે ખાતા રહેતા. મને એમ કે અમારા જ ઘરમાં આવું હશે પણ મેં પૂંછ્યું તો બધાંએ કહ્યું કે આખું ગાઝા ખાવાના પાછળ ઘેલું થયેલું હતું.

મને લાગ્યું કે યુદ્ધ ટાણે શહીદો અને વિનાશના દૃશ્યોથી લોકોની ખાવા પ્રત્યેની રૂચીમાં ફેર પડતો હશે પરંતુ લાગે છે કે ભય, ભયાનક્તા અને ચિંતાના સંજોગો લોકોને વધુ ભૂખાળવા બનાવે છે અને એ વધારે ખાવાનું ખાય છે. એવું હોઈ શકે કે આખું કુટુંબ, ખાસ કરીને છોકરીઓ, અમારે ઘરે હતી. કોણ વધારે સ્વાદિષ્ટ ખાવાનું બનાવી શકે છએ એવી એમની વચ્ચે સ્પર્ધા ચાલતી. મારા બિચારા અબ્બા તમામ આકાર અને રંગના ખાદ્ય પદાર્થો ભરેલા થેલા ઉંચકતા થાકી ને લોથ થઈ જતા. યુદ્ધના ૨૦ દિવસોમાં અમે જેટલું ખાધું એ વર્ષ સુધી ચાલે એટલું હતું. સમસ્યા એ હતી કે જ્યારે હું કહેતો કે મારે ખાવું નથી, હું વધુ ખાતો.

મોટા થઈને મારે પત્રકાર કે વકીલ કે વડાપ્રધાન બનવું છે. પત્રકાર એટલા માટે કે ગાઝાનું સૌંદર્ય અને સાદગીના ફોટા પાડા શકું કારણકે એને હું બહુ જ ચાહું છું. મને એનું નમક, રેતી અને હવા ખૂબ ગમે છે અને હું ક્યાંય બીજે રહેવાનો વિચાર નથી કરી શક્તો. વકીલ એટલા માટે કે આ શહેરમાં વંચિત અને દુર્વ્યવહારનો ભોગ બનતા લોકો માટે

ન્યાય માગી શકું કારણકે આ શહેરમાં કોઈને પીડાતા હું જોઈ શકતા નથી. અને પ્રધાનમંત્રી બનવાની ઈચ્છા એટલા માટે છે કે હું શહેરમાં કાયદો અને વ્યવસ્થા લાદી શકું કારણકે ત્યાંથી ઉપાય શરૂ થાય છે.

***

૧૧. રવાંડ જા'રૂર

જન્મ: ૧૯૯૭

અલ દરાજ

"ગભરાવો નહીં, છોકરીઓ, કશું નહીં થાય -- આ તો માત્ર નકામા ગોળીબારનો અવાજ છે." બોંબમારો શરુ થયો તે સમયે અમારા શિક્ષક આમ બોલ્યા. થોડી વાર પછી એમનો મોબાઈલ ફોન રણક્યો અને તે જૂજ શબ્દો બોલ્યા: "૧૨૦ શહીદો??!!" મોબાઈલ ફોનને જમીન પર પટકીને એમણે અમને કહ્યું: "ઘરે જાવ તમે બધાં."

જેવા અમે બહાર ચોગાનમાં ગયા અમે અમારા વાલીઓને જોયાં, કોઈ પાયજામામાં હતાં, કોઈ ગંજીમાં અને કોઈ ઉઘાડા પગે . . . અમે ખૂબ ભયભીત હતાં. મારી બે બહેનો સાથે હું અબ્બાની રાહ જોવા લાગ્યા પણ એ ઘણા સમય સુધી દેખાયા નહીં . . . એટલે લાંબી મજલ હોવા છતાં અમે જાતે ઘરે પહોંચવાનો નિર્ણય કર્યો.

રસ્તામાં મેં સૌ પ્રથમ વાર કશું જોયું: પૅલૅસ્ટાઈનના ધ્વજમાં લપેટાયેલી શબપેટીમાં એક શહીદને લઈ જવામાં આવતા હતા. એમની ચારેકોર વાવટા ફરકતા હતા અને લોકો વિલાપ કરતા હતા. પરંતુ અજુક્તી ચીજ એ હતી કે સમ્શાન યાત્રામાં માંડ ૩૦ લોકો હતા. સામાન્ય રીતે શહીદોની સ્મશાન યાત્રામાં હજારો લોકો હોય છે! એથી મને લાગ્યું કે દેશમાં કોઈ મોટી આપત્તિ પ્રવર્તી રહી છે.

મને અબ્બાની સલામતીની ચિંતા થવા લાગી. હું ઈચ્છતી હતી કે અમને લેવા ના આવે કારણકે મને ડર હતો કે રૉકૅટ પડવાથી એમનો જીવ જોખમાશે. હું પણ મૃત્યુથી ડરતો હતો અને મારે આ ઘડીએ મરવું ન હતું. જો મારું મૃત્યુ થાય અને મારી સ્મશાન યાત્રામાં કોઈ ના આવે તો ઉત્પાત મચી જાય.

મેં ઘર ભણી દોટ મૂકી અને અમારી આજુબાજુ લોકો દોડાદોડ કરી રહ્યાં હતાં જાણે કયામત આવી હોય. કોઈને દિશાનું ભાન નહોતુ કારણકે રૉકૅટના અવાજ બંધ થતાં જ નહોતા. દર અમુક સૅકૅન્ડે એક રૉકૅટ પડતું અને જમીન ધ્રુજાવતું હતું.

શેરીઓ મને જુદી લાગવા લાગી. લોકો પણ જુદા લાગતાં હતાં. દૃશ્યો, ધ્વનિઓ અને ગંધ-સુગંધ બધું જ વિચિત્ર લાગતું હતું.

યુદ્ધ બાદ મારી અંદર ઘણું બધું બદલાઈ ગયું. મને બાથરૂમમાં જવું ગમતું નહીં. જેવો અંદર જઉં કે તરત જ બહાર દોડી આવું. સમગ્ર યુદ્ધ દરમ્યાન મે ભય સતાવતો કે હું બાથરૂમમાં હઈશ ત્યારે જ એ લોકો અમારા ઘર પર રૉકેટ ઝીંકશે. બાથરૂમમાં હોઈએ ત્યારે વ્યક્તિ ખૂબ એકાગ્ર હોય અને શેષ તમે જાણો છો . . .

સ્કૂલમાં સવારની લાઈન પણ મને ગમતી નહીં. યુદ્ધ શરુ થયું ત્યારે હું લાઈનમાં હતી. એટલે આજે ય મને લાગ્યા કરે કે લાઈનમાં હોંઉ એ ઘડીઓ ડર અને ચિંતાના કલાકોની હોય છે. આખી સ્કૂલ એક ઢગલો અને લાઈન બીજો . . .

મને ભયાનક સપના આવવા લાગ્યા. આખી રાત મારી અંદર ઊંઘવાની ઈચ્છા અને દુસ્વપ્નના ડર વચ્ચે સંઘર્ષ ચાલ્યા કરતો…ઊંઘ જાણે મારી પાંપણો પાછળ છુપાયેલો રાક્ષસ છે. સવાર સુધી હું એમ જ રહેતી. ક્યારે ઊંઘી જતી અને ક્યારે ઊઠતી એની ખબર જ નહોતી રહેતી.

મારે અભિનેત્રી બનવું છે અને ગાઝામાં રહીને આ સ્વપ્ન પૂરું કરવું કઠિન છે, ખાસ કરીને છોકરીઓ માટે . . . મારી જાતને કહેતી હોંઉ છું કે મારી ક્ષમતાથી વંચિત રહેવું ગાઝાના લોકો માટે શરમજક છે કારણકે હું મહત્વની અભિનેત્રી બની શકું એમ છું . . . પરંતુ જો એમને મારી જરૂર ના હોય તો જાહનુમ્મમાં જાય. હું કોઈ બીજા દેશમાં જઈને અભિનય કરીશ!

ગાઝાના વતનીઓ બધી જ ચીજોથી વંચિત છે, ખેર -- થિયેટર સુધી વાત અટકતી નથી. ઘણી વખત મને થાય છે કે ગાઝાના લોકોને માંડ ખોરાક જડતો હોય ત્યાં થિયેટર ક્યાં જવાના હતા?

તમે જાણો છો? કાશ હું ભદ્ર, લોકતાંત્રિક સમાજમાં શાંતિપૂર્વક જીવી શકતી હોત જ્યાં ૨૦ સિનેમા હોય અને હું ફિલ્મો જોયા કરું અને મારી કલ્પાના અને સ્વપ્નમાં ઊડતી રહું.

***

જન્મ: ૧૯૯૬

## અલ સફતવી સટ્રીટ

૧૨. રીમ અફાના

નાની હતી ત્યારે મને લાગતું કે હું દુનિયાનું સૌથી ખુશાલ બાળક છું. પરંતુ જેમ જેમ હું મોટી થતી જાંઉ છું અને મારી બુદ્ધિ વધતી જાય છે તેમ મારી ચિંતા પણ વધતી જાય છે કારણકે પહેલા સમજાતી નહોતી એ ચીજો હવે સમજાવવા લાગી છે. વંચિત બાળકોનો અર્થ મને સમજાતો થયો છે.

બાળકોના આંસુ મને સૌથી વધુ દુ:ખી કરે છે અને રડાવે છે -- તમામ બાળકો ભલે તે ગમે તે રાષ્ટ્રીયતા, ધર્મ કે રંગના હોય. મોટા થઈને મારે બાળકોના ડૉક્ટર બનવું છે. આ જ આશા મને જીવાડે છે. આમ છતાં, હું ગળા સુધી આવી ગઈ છું, કંટાળી ગઈ છું કારણકે ગાઝામાં હવે જીવન જેવું કંઈ રહ્યું નથી . . .

ગઈકાલે સ્કૂલમાં બેઠી હતી ત્યારે વિમાનના અવાજ સંભળાયા. હું ખરેખર ડરી ગઈ હતી. સ્કૂલમાંથી નાસી જવાનું મન થયું. યુદ્ધ યાદ આવ્યું એટલે મને લાગ્યું કે હું મૃત્યુ પામવાનો છું. યુદ્ધના દૃશ્યો મારા મગજમાંથી ખસતા જ નથી.

યુદ્ધના ત્રીજા દિવસે મારા કુટુંબીજનો સાથે બેસીને યુદ્ધમાં જે બની રહ્યું હતું તે વિશે વાતો કરતાં હતાં. મારા દાદીમા અમને ખાતરી આપતા હતા જેથી અમારો ડર ઓછો થાય. રૉકેટના અવાજો શમતા ન હતા તેમ છતાં દાદીમાના હુંફાળા અવાજને લીધે અમે નિરાંત અનુભવતા હતા.

એવામાં ફોન રણક્યો . . . યુદ્ધમાં ટેલીફોનની લાઈનો પકડાતી ન હતી . . . એટલે ફોનના અવાજથી અમે ખુશ થયાં . . .

- હલો?
- બોલો?
- આ ઈઝરાયેલી ડીફેન્સ આર્મી છે. તમને ચેતવણી આપીએ છીએ. પાંચ મિનીટમાં ઘર ખાલી કરી દો. એમાં તમારી ભલાઈ છે.

મારા પગ ઢીલા પડી ગયા. ઘરના બધાં બૂમાબૂમ કરવા લાગ્યા . . . મારા દાદીમા સૌથી પહેલા ભાગી ગયા! પહેલી વાર મેં એમને આટલી ઝડપે જતા જોયા. અબ્બાએ મને અને મારી બહેનોને જકડી રાખ્યાં અને નહીં ડરવાનું કહ્યું.

અબ્બા મને લઈ જવા ખેંચી રહ્યાં હતાં પણ જો મારું ટૅડી બૅર સાથે ના લઉં તો હું મરી જઉં. જો એને બોંબમારાનો ભોગ બનવા દઉં તો એની સાથે દગો કર્યાનો દોષ લાગે મારા માથે. અબ્બાના હાથમાંથી છટકીને હું ટૅડી બૅર પાસે દોડી ગઈ. એને બાથમાં લઈને નીકળી ગઈ.

અમે બધાં ઘરથી દૂર જઈ પહોંચ્યા . . . રાહ જોવા પાંચ મિનીટ માટે બેઠા.

ઈતિહાસની એ સૌથી લાંબી ઘડીઓ હતી . . . દસ મિનીટ થઈ . . .

અમને લાગ્યું જાણે એટલા વર્ષો વીતી ગયા.

હું વંટોળે ચડી ગઈ. મારા માથામાં વિચારો અને સ્વપ્નો ફંગોળાઈ રહ્યાં હતાં અને દુનિયા ચકરાવે ચડી હતી. ડૉક્ટર બનવાનું સપનું જોજનો દૂર લાગતું હતું.

ટૅડી બૅરને પકડીને હું યાદ કરવા લાગી કે નાની હતી ત્યારે કેવી હસતી રહેતી હતી હંમેશા.

મારે બાળપણમાં પાછા જતા રહેવું છે અને બાળક જ બનીને રહેવું છે. મારે મોટા નથી થવું.

પરંતુ એકમાત્ર ચીજ જે મને રાહત આપતી રહે છે તે છે લોકોનો પ્રેમ જેણે અમને એક પળ માટે પણ અળગા કર્યા નથી. ગાઝા પ્રેમથી ભરપૂર છે.

***

૧૩. રીમા ઍલ સાદી

જન્મ: ૧૯૯૫

અશ શેખ રદવાન

ઍમીરૅટ્સથી અમે પાછા ફર્યા ત્યારે હું ૯ વર્ષની હતી. હું પહેલી વાર ગાઝા જઈ રહી હતી. ગાડી રસ્તા પર ચાલતી હતી અને હું બારીની બહાર જોઈ રહી હતી. મને શહેરમાં કશું ગમ્યું નહીં. ટ્રાફિક સીગ્નલ પર અમે ઊભા રહ્યા ત્યારે બાળકોનું ટોળું અમારી ગાડી પાસે આવ્યું, ભાખ માગવા, ચ્યુઈંગ ગમ અને બિસ્કિટ વેચવા. મને મારી જાત પ્રત્યે ધૃણા ઉપજી અને ઍમીરૅટ્સ પાછા જતા રહેવાનું મન થયું.

ત્યારથી ગાઝામાં રહું છું અને ગાઝા અને પૅરિસ વચ્ચે પસંદગી કરવાની આવે તો ય ગાઝાને છોડીને જઉં નહીં . . . કારણકે મેં અનુભવ્યું છે કે વિશ્વ આખા માટે પર્યાપ્ત હોય એટલો પ્રેમ ગાઝામાં ભરેલો છે. સ્થળો એમના લોકોમાં વસે છે, એમના મકાનો કે દૃશ્યોમાં નહીં.

અમે ઍમીરૅટ્સમાં હતાં ત્યારે અમ્મી હમેંશા ગાઝા વિશે મને વાત કરતી. ગાઝા જોયા પૂર્વે મને ગાઝા ગમતું હતું પણ ત્યાં રહ્યા પછી વધુ ગમવા લાગ્યું. એમાં એવી બારીકીઓ છે જે અમ્મીની નજર ચુકી ગઈ હતી. પણ દુ:ખની વાત એ છે . . . દુનિયાના સૌથી સુંદર શહેર બનવા માટે એકમાત્ર ચીજ ખુટતી હોય -- તો તે સુરક્ષા છે.

યુદ્ધ દરમ્યાન, તકવા મસ્જિદ અને નૂર મસ્જિદ ઉપર બોંબમારો થયો. ત્યારબાદ અબુ ઍલ કારે'એના ઘર ઉપર. ત્યારથી અબુ ઍલ કારે'એનું ઘર અમારો વિષય બન્યો હતો. એ અમારા પાડોશી છે અને ઈઝરાયેલી સીક્રેટ સર્વિસે એમને બોંબમારાની ધમકી આપી હતી. લોકોએ અમને નીચલા માળ પર રહેવાની સલાહ આપી જેથી અબુ ઍલ કારે'એના ઘર ઉપર એ લોકો બોંબમારો કરે તો અમે નિશાન ન બનીએ અને સુરક્ષિત રહી શકીએ.

અમે નીચે પહેલે માળે ગયા અને સેના અબુ ઍલ કારે'એના ઘર ઉપર એ લોકો બોંબમારો કરે એની રાહ જોવા લાગ્યા . . . પરંતુ એમણે નૂર મસ્જિદ ઉપર બોંબ ઝીંક્યા. અમે અમારા અપાર્ટમૅન્ટમાં જ હતા જ્યારે એ ઘરની બધી

બારીઓ, બારણા અને પથરા અમારી ઉપર પડ્યા. મને ખૂબ ઈજા થઈ. બધાં જ બારણા મારા માથા ઉપર પડ્યા. સ્વાભિકપણે ખૂબ ચીસાચીસ થઈ અને ઘર આખું વેરવિખેર થઈ ગયું.

બીજે દિવસે અમારા કુટુંબની બેઠક મળી અને અમે ઉપલા માળે પાછા જવાનો નિર્ણય કર્યો. અમે ઉપલા માળે ગયા. પણ આ વખતે એમણે તકવા મસ્જિદને નિશાન બનાવી. એના બધાં જ કાચ અને પત્થર ઉપલા માળે અમારી ઉપર પડ્યા . . . એટલે અમે વળી પાછા નીચલા માળે જવાનું નક્કી કર્યું કારણકે એ વધારે સુરક્ષિત હતું. સેના ક્યારે અબુ ઍલ કારે'એના ઘર ઉપર બોંબમારો કરે એની રાહ જોતા અમે બેઠા હતા અને એ રાતે એમણે આખરે બોંબ ઝીંક્યા.

એમણે નાખેલું પહેલું રૉકેટ પછી બીજુ રૉકેટ ફુટ્યા નહીં. હવે જો નહીં ફુટેલા રૉકેટ ઉપર એ લોકો ત્રીજુ રૉકેટ નાખત તો આખો વિસ્તાર ખત્મ થઈ જાત . . . અને લોકો કહેત: “અહીં અબુ ઍલ કારે'એનો મહોલ્લો હતો.”

***

૧૪. સામી ઍલ જૅરજાવી

જન્મ: ૧૯૯૪

અલ ટફાહ

દિવસનો બપોરનો બાર વાગ્યાનો કલાક મને સહેજે ગમતો નથી. જ્યારે પણ પરીક્ષા શરૂ થાય છે મને લાગે છે યુદ્ધ ચાલુ થઈ જશે. હું એક પણ પ્રશ્નનો જવાબ આપી શક્તો નથી. બિમાર થઈ જઉ ત્યાં સુધી મારા મગજમાં વિચારો તર્યા કરે છે . . . હું મારી જાતને પૂછું છું, મને જે થઈ રહ્યું છે એ સામાન્ય છે કે હું બિમાર છું?

લોકો કહે છે કે ગાઝાનો દરિયો તમામ પીડા ધોઈ નાખે છે પણ મારી પીડા દરિયા કરતા મોટી છે. કારણ એ કે છેલ્લી વખત હું મારા દોસ્ત સાથે દરિયા કિનારે ગયો હતો ત્યારે અમે તર્યા, રમ્યા અને મોજ કરી . . . પણ હવે હું દરિયા કિનારે જઈ શક્તો નથી.

તલાતીની સ્ટ્રીટ પૅટ્રોલ સ્ટેશન નજીક છે અને ચાલુ યુદ્ધ દરમ્યાન એક લીટર પૅટ્રોલ મેળવવું બહુ મુશ્કેલ હોય છે. લોકો કંઈ પણ ખરીદતા ડર અનુભવતા હતા. અબ્બાએ મને પૅટ્રોલ ખરીદવા મોકલ્યો. ખરીદી કર્યા બાદ સ્ટેશન પાસે રહેતા મારા દોસ્ત ઝાકીના ઘરે ગયો. મને એની બહુ યાદ આવતી હતી કારણકે મેં એને દસ દિવસથી જોયો ન હતો.

હું એના ઘરે ઉતાવળે ગયો કારણકે અબ્બાએ મને પૅટ્રોલ લઈને તાબડતોબ ઘરે આવવા કહેલું. બારણું ખખડાવ્યા વગર હું એના ઘરમાં પ્રવેશ્યો. એની અમ્મી મને દીકરો માને છે. મેં એની અમ્મીને સલામ કહી અને મારા દોસ્તને ભેટીને ચૂંબન કર્યું. એના ભાઈઓને સલામ કહીને ઝડપથી નીકળી ગયો.

મારા અને એમના ઘર વચ્ચે ૨૦ મીટરનું અંતર હતું . . . મને વિમાનનો મોટો અવાજ સંભળાયો અને મારા દોસ્તના ઘર પર ફેંકેલા રૉકૅટનો અવાજ સંભળાયો. લોકો બૂમો પાડવા લાગ્યા કે એ ઘર ઉપર બોંબમારો કરવામાં આવ્યો છે. મને વિશ્વાસ ન થયો. મેં પાછું વળીને દોસ્તના ઘર તરફ જોયું. ઘરમાં આગ લાગેલી અને ધુમાડો નીકળી રહ્યો હતો. આવું દૃશ્ય મેં પહેલાં કદી જોયું ન હતું.

હું દોડતો જેવો અમારા ઘેર પહોંચ્યો કે અબ્બાએ મારા દોસ્તના મૃત્યુના સમાચાર આપ્યા. ના, એ ના . . . બધાં મને કહેવા લાગ્યા કે તારો દોસ્ત ઝાકી મૃત્યુ પામ્યો છે પણ મેં એમનો વિશ્વાસ કર્યો નહીં. એટલે હું ના તો સ્મશાનયાત્રામાં ના હોસ્પિટલમાં ના કબ્રસ્તાનમાં ગયો કારણકે ઝાકી મૃત્યુ પામ્યો જ ન હતો.

હું હમેંશા એની સાથે રાત્રે વાત કરું છું, જો કે એની સાથે નહીં -- એના ફોટા સાથે. હું એનાથી બહું નારાજ છું કારણકે એ મને મળવા આવતો નથી. મેં પણ એના ઘરે જવાનું બંધ કરી દીધું છે. મને ખાતરી છે કે એનું મૃત્યુ નથી થયું અને એક દિવસ એવો અવશ્ય આવશે જ્યારે અમે મળીશું . . . તે વખતે હું એને દોષ આપીશ કારણકે મને એની મોટી ખોટ સાલે છે.

રશિયામાં મારો બીજો એક દોસ્ત રહે છે. એ હમેંશા મને રશિયા વિશે વાતો કરે છે, પોતે કેટલી આઝાદી અને સુરક્ષા વચ્ચે જીવે છે . . . હું જીવતો હોંઉ એવું મને લાગતું જ નથી. હું ઈચ્છવા લાગ્યો છું કે દરિયામાં ડૂબકી લગાવું અને વધુ ને વધુ ઊંડે જતો જઉં જ્યાં સુધી બહાર આવીને મારી જાતને રશિયામાં પામું.

***

૧૫. સુજોદ અબુ હુસૈન

જન્મ: ૧૯૯૫

અશ શેખ રદવાન

ગાઝામાં મને સૌથી વધુ કંઈ ગમતું હોય તો એ છે લોકોની ઉદારતા અને સાદગી અને સૌથી ઘૃણાસ્પદ લાગતું હોય તો એ છે રાજકીય પક્ષની કટ્ટરતા. ઘણી વખત મને લાગે છે કે લોકો જે બધો પ્રેમ અને ઉદારતા ધરાવે છે અને સપાટીને જે દુષ્ટતા નિયંત્રણમાં રાખે છે એ બન્ને વચ્ચે વિરોધાભાસ છે. જો મારા હાથમાં હોત તો પૅલૅસ્ટાઈનના વિભાજનની સમસ્યાનો ઉકેલ આવતીકાલે જ લાવી દેત.

યુદ્ધમાં એ લોકોએ હમાસના એક મોટા નેતાની હત્યા કરી દીધી. વિશ્વના તમામ મીડિયાએ આ ઘટનાને આવરી લીધી. પરંતુ આખું વિશ્વ એક ખીણમાં અને અમે બીજી ખીણમાં હતા કારણકે મોડી અને સલૌમા, મારા નાના ભાઈઓ અને અબ્બા હમાસના નેતાની પાડોશમાં અમારી જમીન છે ત્યાં ગયા હતા . . . અમે હજાર વખત એમનો સંપર્ક કરવાની કોશીશ કરી પરંતુ હમેંશની જેમ જવ્વાલની મોબાઈલ લાઈનો કામ જ નહોતી કરતી. આથી અમારો તણાવ ઔર વધી ગયો.

એક નાના પક્ષીના બચ્ચા કોઈએ લઈ લીધા હોય તેવી રીતે અમ્મી બાલ્કનીમાં આકુળવ્યાકુળ થઈ આંટા મારતી હતી. જાણે એણે કલ્પના કરી લીધેલી કે એ નાની બાલ્કની કોઈ પણ રીતે મોડ, સલૌમા અને અબ્બાનો બચાવ કરી દેશે. હું બહુ જ તણાવમાં હતો. રડતા રડતા હું નીચેના માળે મારા ફોઈ પાસે ગયો. મારા ફોઈ મને દિલાસો આપવા લાગ્યા . . . જુઠું બોલીને મને કહ્યું કે એમણે અબ્બાને ફોન કરીને એમની સાથે વાત કરી લીધી છે. મને ખ્યાલ આવી ગયો હતો કે એમણે વાત નથી કરી પણ એ મને બાથમાં લઈને રડવા લાગ્યા અને હું પણ રડવા લાગ્યો. હું ઉપરના માળે ગયો ત્યારે અમ્મી હજુ બાલ્કનીમાં આંટાફેરા મારતી હતી.

હું તમને કહેવાનું ભૂલી ગયો કે મોડી અને સલૌમા અનુક્રમે ૫ અને ૭ વર્ષના છે . . . એ બન્ને મારી બાથમાં સૂતા અને મારો આત્મા એમની સાથે જોડાયેલો હતો. એ ક્ષણે મને લાગ્યું કે મારો આત્મા છટકી ગયો છે અને હું મૃત્યુ પામવાનો છું.

અને સાચું કહું. તે ઘડીએ મેં અનુભવ્યું કે ગાઝી ઉપર યુદ્ધ ખેલાઈ રહ્યું છે કારણકે આખો વખત હું કમ્પ્યુટર પર વ્યસ્ત રહેતો. એ દિવસે પહેલી વાર હું યુદ્ધ જીવ્યો.

એક કલાક બાદ અમારા ઘરના બારણે ટકોરા સંભળાયા. મોડી અને સલૌમાની સાથે અબ્બા ઘેર પહોંચ્યા હતા. હું એમને પ્રેમ તો કરતો જ હતો પણ પહેલી વાર મને ખ્યાલ આવ્યો કે એ મારા માટે કેટલા મૂલ્યવાન છે અને હું કોઈ પણ ભોગે એમનાથી વિખૂટા પડવાની વ્યથા ના જીરવી શકું. મેં બન્નેને ખોળામાં બેસાડ્યા અને ચૂમ્યા જાણે પહેલી વાર એમને બાથમાં લીધા હોય. અમ્મીએ પણ બાલ્કનીમાં આંટાફેરા બંધ કર્યા. પહેલી વાર મને ખ્યાલ આવ્યો કે એ અબ્બાને આટલી હદે ચાહે છે.

યુદ્ધ બાદ હું વિચારવા લાગ્યો, આખા વિશ્વમાંથી અમે જ કેમ આવા છીએ?

એ લોકોએ અમારી જમીન છીનવી લીધી અને અમારા ઘરોમાંથી અમને કાઢી મૂક્યા . . . અને અમે અમારી રક્ષા કરીએ એટલે અમારી સાથે આવું બધું કરવામાં આવે?

નથી પાણી . . . નથી વીજળી . . . નથી ફોન . . . નથી પૅટ્રોલ . . . દુનિયા માટે અમે કોણ છીએ? શું અમે મનુષ્ય નથી?

***

૧૬. સુહા અલ મામલૂક

જન્મ: ૧૯૯૫

અત તુફાહ

ગાઝા દરરોજ બદલાય છે એટલે મારા સ્વપ્નો પણ બદલાતા રહે છે. આગળ ભરેલા દરેક ડગલા સામે ૧૦૦ ડગલા પાછળ ધકેલાઉં છું.

યુદ્ધના પ્રથમ હુમલા દરમ્યાન હું સ્કૂલેથી ઘરે જતો હતો. મને રસ્તો ખબર નહોતો . . . અચાનક એક માણસ સામે આવ્યો અને પૂછ્યું: "તારું ઘર ક્યાં છે?" મેં એમને સરનામું કહ્યું અને એમણે મને ઘેર પહોંચાડ્યો. હું ઝડપથી ઘરે ગયો અને અબ્બાને પૂછ્યું: "તમે મને લેવા કેમ ના આવ્યા?"

અમ્મી બોલી: "બધું **ઠીક** છે, બેટા. જા ભણવા બેસી જા."

મેં એમને કહ્યું: "પરીક્ષા બંધ રહી છે. યુદ્ધ શરૂ થઈ ચુક્યું છે."

બપોરે એમણે અમારા ઘર નજીક સરકારી મકાન પર હુમલો કર્યો. અમ્મી કહે: "એ તો **ઠીક** છે. આ બધાંથી આપણે ટેવાયેલા છીએ."

અમે પાડોશી પાસે દોડી ગયા. દરેક જણ પોતાની રીતે શોધવા લાગ્યો. થોડી મીનિટો બાદ પાડોશીના સગાવહાલાં આવવા લાગ્યા. અને ઘર લોકોથી ભરાઈ ગયું. આમ છતાં હજુય અમ્મી માટે બધું **ઠીક** હતું.

સવારે અબ્બા બ્રૅડ ખરીદવા ગયા અને ૬ કલાક લાઈનમાં ઊભા રહ્યા બાદ એક જ પૅકૅટ લઈને ઘેર આવ્યાં. અમને દરેકને અડધો ટૂકડો હાથ આવ્યો. અમ્મી કહે ચલો **ઠીક** છે.

સાંજે અબ્બા-અમ્મી હોસ્પિટલ જઈને ઈજાગ્રસ્ત લોકોની ખબર કાઢવાનું વિચાર્યું. હું એમની સાથે ગયો. હોસ્પિટલમાં અમે ઘણા શબ જોયા. એક પલંગ પર ચાર, એકબીજાની નીચે અને ઊપર. ત્યારે આખરે અમ્મી બોલી: "આ **ઠીક** નથી".

યુદ્ધ સમાપ્ત નથી થયું. આ યુદ્ધ મોટું છે અને એની સાથે મોટા થવાનો મને ડર લાગે છે. નવા યુદ્ધનો મને હમેંશા ડર સતાવે છે. ફૂગ્ગો ફૂટે તોયે હું ડરી જાઉં છું . . . જો કોઈ ગાડી અચાનક બ્રેક મારે તો હું કૂદીને ૨૦ ફૂટ દૂર જઉં છું . . . જો કોઈ નાનું બાળક ચીસ પાડે તો હું પણ એની સાથે ચીસો પાડવા લાગુ છું. નવી સવારની રાહ જોતો આખી રાત જાગતો રહું છું પણ આવનાર સવાર આગલી સવાર જેવી જ હોય છે.

***

૧૭. અલી અલ હસ્સની

જન્મ: ૧૯૯૫

અલ સફ્ૃતવી સ્ટ્રીટ

ગાઝાની એક ચીજ મને સૌથી વધુ ગમતી હોય તો એ છે કે તે બીજા દેશો જેવો નથી. બીજા દેશોમાં બહુ બધી સમસ્યાઓ હોય છે, દુકાળ, નાકેબંધી, વિભાજન, ગેરકાયદેસર કબજો, બોંબમારો, વિનાશ અને મૃત્યુ પરંતુ અમારે એમાનાં એકેય પ્રશ્નો નથી . . . એટલે મને ગાઝા ખૂબ જ પ્રિય છે. ખાસ કરીને એટલે કે ગટરો અને રસ્તા સાફ છે, લોકો એકબીજાને પ્રેમ કરે છે, કિંમતો સસ્તી છે, બધાં ખુશ છે, માછલીઓ તંદુરસ્ત છે અને ગટરમાં તરતી નથી. વધુમાં, મારા સગાવહાલાંમાંના અડધા જેનાથી મૃત્યુ પામ્યા છે એ ભૂખમરા, ગરીબી કે હૃદયના હુમલાથી હું મૃત્યુ નહીં પામું…કારણકે આટલું બધું "સુખ" છે.

મારે તમને એક મોટી ખાનગી વાત કહેવી છે. મારી છાતીમાં ભરીને રાખેલી છે. બોલતા શીખ્યો ત્યારથી એને જાહેર કરવામાં સંકોચ અનુભવું છું . . . ખાનગી વાત એ છે: મારા વ્હાલા લોકો કે ગાઝા પર લડાઈ રહેલા યુદ્ધનું કારણ હું છું. તમને નવાઈ લાગશે કે આવું કેમ? કારણકે આજ સુધી બન્યું નથી કે મને સ્વપ્ન આવ્યું હોય અને એ સાચું ના પડ્યું હોય! યુદ્ધના એક દિવસ પૂર્વે મને સપનું આવેલું કે યુદ્ધ શરૂ થઈ ગયું છે અને અમારા ઘર ઉપર બોંબમારો કરવામાં આવ્યો જેમાં માત્ર હું જ જીવતો રહ્યો. બીજા દિવસે ૧૧.૨૫ કલાકે ગાઝા ઉપર હવાઈ હુમલા શરુ થયા.

સ્કૂલના મારા સૌથી મજબૂત શિક્ષક, ગણિતના શિક્ષક સૌથી પહેલા ડરના માર્યા ટેબલ નીચે સંતાઈ ગયેલા એ મારો યુદ્ધ દરમ્યાનનો પહેલો આઘાત હતો. મને થયું જો અમારા સૌથી મજબૂત શિક્ષક ટેબલ નીચે સંતાઈ જાય . . . તો અમારું તો શું થવાનું? ઘણાં છોકરાઓને પેશાબ થઈ ગયો. હું ચીસો પાડવા લાગ્યો અને મને જોઈને બધાં ચીસો પાડવા લાગ્યા. હું ચીસો એટલા માટે પાડતો હતો કે મને ખાતરી હતી કે અમારું ઘર વિનાશ પામ્યું હશે અને મારા કુટુંબીજનો શહીદ થઈ ગયા હશે.

હું રસ્તા પર દોડતો ગયો, ઘરે જઈને મારા કુટુંબ પાસે પહોંચવા માગતો હતો. મેં ગાડીની રાહ જોવામાં બે કલાક વેડફ્યા. આખરે પગપાળા ઘેર ગયો. આખે રસ્તે કલ્પના કરતો રહ્યો કે અમારું ઘર વિનાશ પામ્યું છે અને મારા કુટુંબીજનો મૃત્યુ પામ્યા છે. ઘરે પહોંચીને જોયું કે એવું કશું બન્યું નથી. મારા કુટુંબીજનો બારીઓ ઊતારી રહ્યા હતા જેથી હવાના દબાણથી એ તૂટી ના જાય.

આજ સુધી મને ડર છે કે એ લોકો અમારા ઘર ઉપર બોંબ નાખશે. એટલે -- તમે અમ્મીને પૂછી શકો છો -- હું ત્રણ ત્રણ ગાદલા ઉપર સૂઈ જઉં છું જેથી બોંબમારો થાય તો ગાદલા ધડાકાની અસરને શોષી લે અને મને કશું ના થાય. મને સપના જોવા બિલકુલ ગમતા નથી પણ એ કંઈ થોડી આપણા હાથની વાત છે?

હું માનું છું કે યુદ્ધ પહેલાનો "અલી" (એટલે કે હું) યુદ્ધ બાદના "અલી" કરતા જુદો છે. એ નવો વ્યક્તિ છે જેને હું જાણવાનો પ્રયત્ન કરી રહ્યો છું. યુદ્ધ પૂર્વે મને રાજકારણ અંગે સહેજ પણ સમજ નહોતી. દેશના વડા અને વડાપ્રધાન વચ્ચેનો તફાવત જાણતો ન હતો. કદી સમાચાર સાંભળતો નહોતો, પરંતુ આજે હું રાજકીય વિશ્લેષક છું. અલ જઝીરા, ધિસ મોર્નિંગ, મિડડે, ધિસ ઈવનીંગ, હાર્વેસ્ટ ઑવ ધ ડે, હાર્વેસેટ ઑવ ધ વીક . . . એ બધાં કાર્યક્રમો જોવા-સાંભળવા લાગ્યો અને એમની ચર્ચા કરવા લાગ્યો. મને અનુભવાયું કે રાજકારણ અને સમાચાર આપણાં જીવન માટે અગત્યના છે કારણકે એ જ આપણને મારે છે અને એ જ આપણને જીવાડે છે. ખાસ તો એટલા માટે કે બીજું યુદ્ધ થવાનું છે કે નહીં એ જાણનાર પહેલી વ્યક્તિ હું હોવો જોઉં.

***

૧૮. ફાતિમા અબુ હાશેમ

જન્મ: ૧૯૯૬

અલ જલા’ સ્ટ્રીટ

હું જ્યારે યુરોપમાં પૅલૅસ્ટાઈનના બાળકો સાથે વાત કરું છું ત્યારે એમની ખૂબ દયા આવે છે. હું એમના જેવી નથી બનવા ઈચ્છતી કારણકે એ ડાયસ્પૉરા કહેવાય છે. એમના સપના એવા દેશમાં રોપે છે જે એમનો નથી. સપના લોકો અને દેશ સાથે વિકસતા હોય છે.

હું જીવનને ચાહું છું, ને રમવું ગમે છે અને લોકો મને વ્હાલાં છે . . . કાશ હું એક દિવસ માટે પૅલૅસ્ટાઈનની રાષ્ટ્રપતિ બની શકતી હોત તો હું લોકો વચ્ચે પ્રેમ અને શાંતિમાં વૃધ્ધિ કરત, ઘૃણા અને નફરતને દૂર કરત અને આંતરિક વિભાજનનો અંત લાવત. પણ કમનસીબે હું રાષ્ટ્રપતિ નથી અને એટલે યુદ્ધ થયું.

વરસાદની જેમ થતા બૉંબમારાથી યુદ્ધની શરૂઆત થઈ . . . ડરના માર્યા અમે સ્કૂલમાંથી બહાર દોડી આવ્યા . . . જોયું તો આખી દુનિયા રસ્તાઓ પર દોડતી હતી. લોકો એમના દીકરા, બહેનો અને અમ્મીઓને શોધતા હતા . . . આકાશ તરફ માથા ઊંચા કરીને બધાં દોડાદોડ કરતા હતા. સાચું કહું તો ઘણા અજુક્તા લાગતા હતા. એક સ્ત્રીને મેં દૂરથી જોઈ, પાયજામો પહેરેલી, ઉઘાડા પગે દોડતી હતી. પહેલી નજરે મેં એને ઓળખી નહીં પરંતુ પાસે જઈને જોયું -- વાહ, મારા કાકાની પત્ની હતી, રૂઆબદાર સ્ત્રી જે કદી ટીપટોપ તૈયાર થયા વગર ઘરની બહાર પગ નથી મૂકતી. ત્યારે મને ખાતરી થઈ ગઈ કે યુદ્ધ શરૂ થઈ ગયું છે.

યુદ્ધ વિશે વાત કરતા હવે એક વર્ષથી વધુ સમય થઈ વીતી ગયો છે. અમે યુદ્ધ જીવ્યા છીએ અને વિગતે દરરોજ જીવી રહ્યા છીએ કારણ એ કે ટી.વી., ફોન અને ડોરબૅલ, આ બધી ચીજો મને યુદ્ધની યાદ અપાવે છે. મને આ ચીજો બિલકુલ પસંદ નથી. જાણો છો! મેં મારો મોબાઈલ પણ ફેંકી દીધો છે. મને એકલા રહેવાની સૌથી વધુ બીક લાગે છે. મને વિચાર આવે છે: જો યુદ્ધ શરુ થશે ત્યારે હું એકલી હોઈશ તો મારી રક્ષા કોણ કરશે? જ્યારે હું મારા કુટુંબ સાથે હોઉં છું ત્યારે વિચારું છું કે એમની રક્ષા કેવી રીતે કરું.

મેં બહુ મોટું સપનું જોયું હતું. અભિનેત્રી બનવાનું પણ એ સપનું ધીરે ધીરે કરમાઈ ગયું કારણકે મારા દેશમાં લોકો અભિનેત્રીને હકારાત્મક દૃષ્ટિથી નથી જોતા; અભિનય મહત્વ ધરાવે છે અને મારા દેશ અને સમાજના દુ:ખનું ચિત્ર દુનિયા સમક્ષ રજુ કરવાનું માધ્યમ હોવા છતાં. જો પહેલું સપનું સાકાર ન થાય તો મારું બીજું સપનું પત્રકાર બનવાનું છે અને ત્રીજું સપનું એવું કુટુંબ બનાવવાનું છે જેને હું પ્રેમ કરું અને એ મને પ્રેમ કરે. ચોથું સપનું છે આઝાદીનું અને પૅલૅસ્ટાઈનનો ધ્વજ મુક્તપણે ફરકી શકે એનું, પાંચમું સપનું છે લોકોને ખુશ જોવાનું, મૃત્યુ, વિનાશ, વિપદા અને યુદ્ધ વિના. છઠ્ઠું અને છેલ્લું છે કે હું આ એકોક્તિ પૂર્ણ કરીને મંચ ઊપરથી નીચે ઊતરું.

***

૧૯. ફાતિમા અતાલ્લાહ

જન્મ: ૧૯૯૬

અશ શેખ રદવાન

ગાઝાની માછલીઓ નાસી ગઈ . . . પરંતુ લોકો નાસી ના શક્યા. એમણે ગટરો ખોલીને દરિયામાં વહેવડાવી દીધી. જો દરિયો એમની સાથે વાત કરી શકતો હોત તો એમને કહેત: "ગાઝા સાથે અને મારી સાથે તમે જે કરી રહ્યાં છો એ માટે તમારે શરમ અનુભવવી જોઈએ." સંગીત અને અભિનયની તાલીમ આપતી સંસ્થાઓને બદલે ગાઝા ગોળીબાર અને હત્યાનું તાલીમ કેન્દ્ર બની ગયું છે.

હું સ્વભાવે બહુ બીકણ છું. મને વંદા અને પંખીઓનો ડર લાગે છે અને રાતદિવસ હું ચિંતામાં ગરકાવ હોઉં છું.

યુદ્ધના પ્રથમ દિવસે મારા સિવાય બધી છોકરીઓ ઘરે જતી હતી. હું એકલી જ હજુ નીકળી નહોતી. ત્યાં બેસીને ધ્રુજતી હતી. મારા પગ ઉપર ઊભી થઈ શકતી નહોતી. છેવટે મને થયું કે જો હું મારી પોતાની મદદ નહીં કરું તો બીજું કોઈ કરવાનું નથી . . . હિંમત ભેગી કરીને હું ઊભી થઈ. હું હજુય ધ્રુજતી હતી. જાણે પવનમાં વૃક્ષ હોઉં એમ ચાલતી હતી. મારું આખું શરીર ધ્રુજતું હતું. મારી આજુબાજુ લોકો ચાલતા હતા પણ એમને હું જણાતી ન હતી. રૉકેટના અવાજ વધુ મોટા થતાં ગયા અને મારા હૃદયમાં ભયાનકતા વધુ ઊંડી થતી હતી.

સામાન્ય રીતે મારા ઘરથી સ્કૂલનું અંતર અડધો કલાકનું છે પણ એ દિવસે ડરની મારી હું પંદર જ મીનિટમાં ઘેર પહોંચી ગઈ. મારા જીવનની સૌથી ભયજનક ઘડી હતી એ . . . પ્રત્યક્ષ ક્ષણ મને મોત દેખાતું હતું. રસ્તા પર ભરચક લોકો હોવા છતાં પહેલી વાર મેં આટલી ભયંકર એકલતા અનુભવી હતી.

ઘેર પહોંચીને હું બારી પાસે ઊભી રહી. એક રૉકેટ અમારા ઘર પાસે પડ્યું અને જમીન પરથી ઉછળીને મારી પીઠ ઉપર પડ્યું. આખા યુદ્ધ દરમ્યાન હું બારી પાસે ઊભી રહી શકતી નહોતી. એકેય બારી વગરના એક ઓરડામાં સૂવા લાગી.

કદાચ આજે પણ મને ડર લાગે છે . . . પણ હું ડોળ કરું છું કે ડર નથી લાગતો.

***

૨૦. મુહમ્મદ ઍલ ઓમરાની

જન્મ: ૧૯૯૫

અલ શુજા'ઈયેહ/અલ મોન્ટૅર

ગાઝા, ઉષ્ણ હથિયાર અને નરકની આગ. ભયાનકતા, ભય, મૃત્યુ અને વિનાશ, પરંતુ આ વખતે અમારો વિસ્તાર "સુરક્ષિત" હતો. જેટલી વખત કબજો કરનારા હુમલો કરતા અમે પહેલા ઝડપાઈ જતા પરંતુ આ વખતે લાગે છે અમારા વિસ્તારથી કંટાળીને એમણે સ્થળફેર કરવાનો નિર્ણય કર્યો છે એટલે અમે નસીબદાર છીએ.

આખો દિવસ ખુરશી પર બેસીને લોકોને એમનાં ઘરોમાંથી નીકળીને સરહદ તરફ પોતાનો સરસામાન અને બાળકો સાથે પશ્ચિમ દિશા તરફ દોડતા હું જોઈ રહ્યો હતો. ઘણાં પોતાના બાળકોને ખભા પર બેસાડીને અને પોતાની અમ્મીઓને પીઠ પર ઊંચકીને જતા હતા. ક્યાં જતા હતા એ ખબર નહોતી પડતી જ્યાં સુધી એક જ વિસ્તારમાં આખું ગાઝા એકઠું થઈ ગયું. ત્યારબાદ અંતર ઓછું થતું ગયું અને બધાં મસ્જિદથી દૂર ભાગવા લાગ્યા. અંતર ઓસરતું ગયું અને વધુ ગીચતા વધતી ગઈ અને જોતજોતામાં મેદની અમારા ઘર સુધી પહોંચી ગઈ. મેં અબ્બાને કહ્યું "શું કરીશું હવે? આપણો વારો છે. પણ જઈશું ક્યાં આપણે?" અબ્બાનો આગ્રહ હતો કે અમે ઘરે જ રહીએ. એ બોલ્યા, "જે વ્યક્તિ ઘર છોડીને જાય છે એ એનું ગૌરવ ગુમાવી બેસે છે . . . ." મેં મારી જાતને કહ્યું: "બચ્ચા, જ્યાં છું ત્યાં રહે, તું બીજા કરતા સારો નથી અને જે કંઈ થવાનું છે, થઈને રહેશે."

આખો દિવસ હું ખાદ્યસામગ્રી સાથે વ્યસ્ત રહેતો. ક્યારેક મારા પિતરાઈ ભાઈઓ સાથે અમારા ઘરથી લગભગ ૧૦૦૦ મીટર દૂર રસ્તા પરની પાઈપમાંથી પાણી ભરવા જતા. સાબરીનું ગધેડા ગાડું લઈને જતા. સાબરી અને એનો ભાઈ અમને મદદ કરવા સાથે આવતા. આખે રસ્તે એ અમને એની અને એના ગધેડાની વીરતાની વાતો કરતો કે જંગલમાં જઈને ગીલોલથી કેવી રીતે પક્ષીઓનો શિકાર કરતો. હું કદી ગીલોલ રાખતો નહીં -- એનાથી મને બીક લાગે છે. પરંતુ વાર્તાઓ મજાની હતી અને એ દિવસોમાં મનોરંજક લાગતી, અમને ડર સતાવતો હોવા છતાં રસ્તા પર હોવાની બીકને ઓછી કરવા અમે વાતો કર્યા કરતા.

દિવસ પુરો થાય અને રાત પડતી ત્યારે અમે કહેતા: “રાત આવી છે એની ચિંતાઓ લઈને.” અમે સૂઈ શકતા નહોતા. હું ૧૫ મીનિટ સૂતો અને ૩ કલાક જાગતો. બોંબમારા વચ્ચે કેવી રીતે ઊંઘ આવે? અમે પથારીમાં અમારા ભાગ્યની રાહ જોતા પડ્યા રહેતા. ક્યારેક બારીના છેડાથી હું આકાશ સામે જોતો તે વેળાએ આગ અને ધુમાડાને કારણે દુનિયા ખૂબ જ લાલચોળ દેખાતી. ત્યારે હું મારી જાતને પ્રશ્ન પૂછતો: “આખું વિશ્વ શાંત છે અને અમે શા માટે નરકાગારમાં જીવીએ છીએ?”

***

૨૧. મુહમ્મદ કાસેમ

જન્મ: ૧૯૯૫

અલ સફ્‍તવી સ્ટ્રીટ

મારા દાદીમા અને હું ઘરમાં એકલા હતા. અમારા દેશના જમાનાની વાર્તાઓ મને કહી રહ્યાં હતા, રમૂજી વાર્તાઓ અને કરુણ વાર્તાઓ. ક્યારેય વાર્તા પૂર્ણ કરી શકતા નહોતા કારણકે હમેંશા વાર્તા દરમ્યાન એમને બાથરૂમ જવું પડતું હતું. મારા દાદીમા પોતાનો અડધો સમય રૂમમાં અને બાકીનો અડધો સમય બાથરૂમમાં વિતાવે છે.

મારા અબ્બા-અમ્મી રાત્રે ૧૦.૩૦ વાગે આવીને સીધા સુઈ ગયા. મને ઊંઘ આવતી નહોતી. હું પથારીમાં જાગતો પડ્યો રહ્યો હતો, મારું ઘરકામ લખી રહ્યો હતો. અચાનક દૂર એક ધડાકો સંભળાયો. મારા અબ્બા-અમ્મીના રૂમમાં જઈને સમાચાર સાંભળવા રેડિયો લીધો. અબ્બાને જગાડીને કહ્યું: “મેં જબરદસ્ત ધડાકો સાંભળ્યો હમણાં.” એ બોલ્યા: “ચૂપચાપ સૂઈ જા, એ તો અમસ્તા ગોળીબાર થયો લાગે છે.”

મેં પથારી પર લંબાવ્યું એવી જ વીજળી ડૂલ થઈ. અચાનક! મારી દુનિયા હલી ગઈ એવો મોટો ધડાકો થયો. કામળો ખેંચીને મારો ચહેરો જેવો ઢાંક્યો કે મારા પર કશુંક પડ્યું. મેં મારી પૂરી તાકાતથી કામળો હટાવ્યો અને જોયું કે બારી મારા ઉપર પડી હતી. કામળા પર કાચના ટુકડા વિખરાયેલા હતા અને અમારું આખું ઘર ધુમાડાથી ભરાઈ ગયું હતું . . . એ દિવસે એમણે અમારા ઘરની પડખે કામદાર સંઘને નિશાન બનાવેલું.

પણ મુદ્દો એ નથી. મુદ્દો એ છે કે મૂર્ખ બાબતો બની અને મને એની સમજુતી જડતી નહોતી. સૌ પ્રથમ તો વિશ્વ સળગી રહ્યું હતું અને અમને બધાંને એમ કે અમે મૃત્યુ પામીશું પરંતુ મારા દાદીમા દાંતનું ચોખઠું શોધતાં હતા -- એમને ડર હતો કે એ મૃત્યુ પામશે તો લોકોને ખબર પડી જશે કે એ બોખા હતા . . . જાણે કે લોકો જાણતા ન હતા!

બીજું કે ઘર આખામાં ધુમાડો ભરાઈ ગયેલો અને અબ્બાએ સીગારેટ સળગાવી…જાણે અમારે વધારે ધુમાડાની જરૂર હતી!

ત્રીજું કે મારા કાકાએ અમારી ખબર કાઢવા ફોન કર્યો અને અબ્બાએ કહ્યું કે અલ્લાહની મહેરબાનીથી બધાં સલામત છે પણ ઘરની બધી બારીઓ તુટી ગઈ છે સિવાય એક. કાકાએ એમને એ બારી તોડી નાખવાનું કહ્યું અને અબ્બાએ કહ્યું કર્યું.

મને ખબર નથી હું તમને આ વાર્તા કેમ કહી રહ્યો છું. મને આટલી ખબર છે કે અમે પીંજરામાં જીવી રહ્યાં છીએ . . . કારાગારમાં . . . પુરાયેલા પંખીની માફક જેને છુટવું છે પણ એ કેદ છે. અમ્મીઓ સામે એમની ઓલાદ મૃત્યુ પામી રહી છે, હૃદયો એમના માટે વિલાપ કરી રહ્યા છે અને મોટા અવાજે ચીસો પાડી રહ્યા છે પણ કોઈ સાંભળનાર નથી. કોઈનું હૃદય પીગળતું નથી અને કોઈને દરકાર નથી!

***

૨૨. માહમુદ અબુ શા'બાન

જન્મ: ૧૯૯૬

અલ રૅમાલ

તમે મને પાગલ કહેવાના છો, મગજ વગરનો, બુધ્ધિહીન, કહો તમે તમારે . . . મને પડી નથી, મને હવે કોઈ ફરક નથી પડતો . . . હકીકતે, મારી સાથે જે થઈ રહ્યું છે તે સામાન્ય નથી. મતલબ કે મારા મિત્રોમાં વિશ્વાસ ખોતો જાઉં છું એ સામાન્ય છે; ઘણાં બધાં લોકોએ બીજાઓમાં વિશ્વાસ ગુમાવી દીધો છે . . . પણ મને જે પાગલ કરી રહી છે એ બાબત છે કે હું દુકાનોની બારીઓ અને ગાડીઓ, પોલીસ થાણાં અને શંકાસ્પદ સ્થળોમાં વિશ્વાસ ગુમાવી બેઠો છું. મારા અંગત તત્ત્વજ્ઞાન પ્રમાણે સમગ્ર ગાઝા શંકાસ્પદ વિસ્તાર છે. લાંબી વાર્તાને ટુંકાવીને કહું તો યુદ્‌ધમાં બધું જ નિશાન પર હતું. હું કશાંની પણ નજીક જતાં ડરું છું.

રસ્તા પર ચાલતા મને આવડતું નથી. હું જમણી બાજુ ચાલતો હોઉં અને ડરી જઉં એટલે ડાબી બાજુ ચાલવા લાગું તોય ડર લાગે . . . એટલે પાછો જમણી બાજુ ચાલું . . . એમ જ વંટોળમાં અટવાયેલો રહું . . . મારે ક્યાં ચાલવું જોઈએ -- રસ્તાની વચ્ચોવચ?!

છે ને, યુદ્‌ધના પ્રથમ દિવસે કમ્પ્યુટર અને મોબાઈલ ઍકસૅરીઝની મારા ભાઈની દુકાને હતો. એક મૉડલ જમીન પર પડ્યું એને ઊઠાવીને પાછું લટકાવવાનું ભાઈએ મને કહ્યું. એમ કરતો હતો ત્યારે રૉકૅટના અવાજ સંભળાયા અને કાચ મારી પર પડ્યો અને મને ઈજા થઈ. હું ડરી ગયો. માત્ર પોતાના માટે નહીં પણ મારા ભાઈ માટે પણ મને ડર લાગ્યો. એ પણ ઈજાગ્રસ્ત થયો હતો.

એને અમારા કુટુંબની ચિંતા થઈ આવી. મને કહે: “જા, ઉપર ઘરે જઈને જો બધાં ઠીક છે ને?”

હું સીડી ચડીને ઉપલા માળે ગયો. મને ડર નહોતો લાગતો. બધાં ઠીક છે એની ખાતરી કરી. બધાં સલામત હતા. અલ્લાહની મહેરબાની.

ત્યારબાદ ધડાકો ક્યાં થયો હતો એની તપાસ કરવા હું રસ્તા પર નીકળ્યો. ઘણાં બધાં ધડાકા થઈ રહ્યા હતા. ધુમાડાને લીધે ગાઝા કાળી રાત્રી જેવું બની ગયું હતું. પરંતુ હજુ મને ડર નહોતો લાગતો.

હું તમને કહેવાનું ભુલી ગયો કે પ્રથમ ધડાકા વખતે મારા ભાઈના હાથમાંથી ચાનો કપ પડીને તૂટી ગયો હતો.

શું તમને લાગે છે કે ડરના કારણે એવું થયું હશે?

***

૨૩. માહમુદ બાલા'વી

જન્મ: 1995

અશ શાતી છાવણી

ગાઝા વિશે હું સૌથી સુંદર શબ્દો લખવા માગું છું પણ નથી લખી શકતો. મારાથી ગરીબી, નાકેબંદી અને દુકાળ જોવાતા નથી, ખાસ કરીને જ્યારે આખું ગાઝા શહેર અલ-અરીશમાં ઠલવાયું અને બે કલાકમાં બધો જ માલ-સામાન ખાલી કરી ગયું. દરેક ઘરમાં જે વિપદા, ભય અને માંદગી છે એ ખમી શકાતી નથી.

ગાઝા વિશે મારી પાસેથી તમારે કેવી વાતોની અપેક્ષા છે? જ્યારથી એના વિશે સભાન થયો છું ત્યારથી એની દરેક બાબતથી દુ:ખી છું, વિશેષ કરીને કારણકે બાળકો, પુખ્તો, યુવાનો, સ્ત્રીઓ, છોકરીઓ, પશુઓ, પત્થરો અને વૃક્ષો, ગાઝાની અંદરનું સઘળું રડી રહ્યું છે. સારા શબ્દો હું શોધવા મથું છું પણ નથી જડતા.

માત્ર દરિયો છે જે મને સપના જોવામાં મદદ કરે છે. દરિયા કિનારે જ્યારે ઊભો હોઉં છું ત્યારે સાયપ્રસની કલ્પના કરી શકું છું, મુસાફરી કરીને પૅરિસ જઈ શકું છું, વિમાનમાં રોમ પહોંચી શકું છું, આ બધું અહીં એક જ સ્થળ પર ઊભા રહીને.

આખા વિશ્વમાં ફરી આવ્યા પછી છેલ્લે રાહત છાવણીમાં મારી પથારી પર આવી જાઉં છું. ગાઝાની વાસ્તવિક્તા તરફ, ગંદકીભર્યું બજાર, ઉભરાતી ગટરો, ગાડાની ઊપર લદાયેલી ચીજો, ગુંગળાવતી ગંધ અને બોલી ના શક્તા મૌન લોકો.

જ્યારે ઘડિયાળ સામું જોઉં છું અને ૧૧.૫૫ વાગેલા છે ત્યારે ધ્રૂજવા માડું છું, મારા હૃદયના ધબકારાની ગતિ વધી જાય છે. મને લાગે છે કે યુદ્ધ ફરી શરૂ થઈ ગયું છે. ઘડિયાળ જ મને ડરાવે છે એવું નથી -- જે કંઈ પણ ઊડે છે એ બધું મને ડરાવે છે, માખી પણ. હું કોઈને મારા ડર વિશે જણાવતો નથી. નહીં તો એ બધાં મને બીકણફોસી કહેશે. મને મારા મોટા ભાઈઓ માટે સૌથી વધુ ડર લાગે છે. જ્યારે કોઈ માખી એમાંના કોઈ એકની પર બેસે છે તો મને લાગે છે

કે માખી એને મારી નાખશે. હું ચીસો પાડવા લાગું છું અને એ સ્થળેથી નાસી જઉં છું. એટલે આજકાલ હું આખો વખત ઘરમાંથી નાસી જવાની ફિરાકમાં હોઉં છું કારણકે બહુ જ માખો થઈ ગઈ છે.

***

૨૪. માહમુદ એલ ટર્ક

જન્મ: ૧૯૯૪

અલ જલા' સ્ટ્રીટ

યુદ્ધ પૂર્વે હું બાળક હતો . . . પરંતુ યુદ્ધ બાદ મેં અનુભવ્યું કે હું હવે બાળક રહ્યો નથી અને ગાઝામાં, વિશ્વના અન્ય શહેરોથી વિપરીત, બાળકો રહ્યાં જ નથી.

યુદ્ધ શરૂ થયું ત્યારે હું પાડોશમાં રમતો હતો અને મેં જોયું કે બધાં પાડોશીઓ નાસી રહ્યાં હતાં. મેં પૂછ્યું શું થઈ રહ્યું છે? એમણે કહ્યું, "ઈઝરાયેલી સેનાએ પાડોશીને કહ્યું છે કે એ લોકો એમના ઘર ઉપર બોંબમારો કરવાના છે." મેં દોડતા ઘરે જઈને અબ્બા-અમ્મીને જણાવ્યું. એક મીનિટથી પણ ઓછા સમયમાં અમે ઘર છોડી નાસી ગયા. ગૅસ કૂકર સિવાય અમે બીજું કશું લીધું નહીં કારણકે ગાઝામાં એ સોના કરતા પણ મોંઘુ મળે છે.

મને હતું કે હું પાછો ક્યારેય ઘરે નહીં જઈ શકું. અમે દાદાજીના ઘરે ગયા. બીજે દિવસે ઈઝરાયેલી ઈન્ટૅલિજન્સે મારા દાદાજીને જણાવ્યું કે એમના ઘર પર બોંબ નાખવાના છે. અમે ત્યાંથી ભાગ્યા અને નાનાજીના ઘરે ગયા. ત્યાં અન્ય પાંચ કુટુંબો આવ્યા હતા. મારા બધાં માસીઓ. એમના બાળકો અને હું સારા દોસ્ત બની ગયા. આખી રાત જાગીને અમે યુદ્ધ વિશે વાતો કરતા રહ્યા. હું થાકેલો અને જરેલો હતો. મારા ઘરે જઈને મારા પલંગ અને તકિયા પર સૂવા ઈચ્છતો હતો.

ત્રણ દિવસ બાદ એ લોકોએ અમારા પાડોશીના ઘર ઉપર બોંબ નાખ્યો. બોંબમારા પછી પાડોશના બધાં રહેવાસીઓ પોતપોતાના ઘરે પાછા ફર્યા. હું મારા રૂમમાં પાછો આવી ગયો . . . પણ હવે મને ઊંઘ જ નહોતી આવતી.

કેટલાય સમયથી મને મુસાફરી કરવાનું મન છે. મારા એક કાકા કૅનૅડામાં રહે છે. ત્યાંના બગીચા, દરિયો, દુકાનોમાં એમના અને એમના કુટુંબના ફોટા મને હમેંશા મોકલ્યા કરે છે . . . અને પાશ્વભૂમિમાં કૅનૅડિયન છોકરીઓ હોય છે . . . જાણે કે મારા માટે એ જરૂરી હોય. કાકા મને ચીડવવા એવું કરતા હશે?! રાત અને દિવસ હું કૅનૅડાના સપના જોવા લાગ્યો . . . એટલે મને હવે અભિનય ગમવા લાગ્યો છે . . . મારી જાતને કહું છું કદાચ મારી યોજના પાર પડી જાય

અને હું અભિનેતા બનીને કૅનૅડા જઉં! ત્યારબાદ કૅનૅડિયન બની જઉં, કૅનૅડિયન યુવતી સાથે લગ્ન કરું અને કૅનૅડિયન બાળકોનો પિતા બનું. કૅનૅડામાં કઈ ભાષા બોલાય છે? કશો વાંધો નહીં, હું કૅનૅડિયન ભાષા શીખી લઈશ અને આમેય મને ખાસ ફરક નથી પડતો -- એમને ખ્યાલ નહીં આવે કે હું એક આરબ છું કારણકે મારા વાળ એકદમ સોનેરી છે અને મારી આંખો ભૂરી.

***

૨૫. માહમુદ અફાના

જન્મ: ૧૯૯૫

અલ સફતવી સ્ટ્રીટ

તમારે મને કાયર કહેવો હોય તો કહો . . . કારણકે યુદ્ધ પછી મને ગાળ આપતા કે મને મારતા કોઈ પણ બાળકને હું જવાબ આપતો નથી. હું દુ:ખી થઉં છું, એનાથી મોં ફેરવી અને જુદી દિશામાં ચાલ્યો જઉં છું. યુદ્ધ પૂર્વે હું આવો નહોતો -- ઊડતું પક્ષી પણ મારાથી બચીને રહેતું. આવું કેમ થયું મારી સાથે? એનું કારણ પ્રામાણિકપણે જણાવું તો યુદ્ધમાં આટલા બધાં બાળકોને મૃત્યુ પામતા જોઈને મને લાગવા લાગ્યું કે અમે બધાંય મૃત્યુ પામવાના છીએ, બસ થોડી વાર છે. મેં મારી જાતને કહ્યું: "બચ્ચા, તું એના કરતા ઘણો મોટો છે." મને થવા લાગ્યું કે હું ૧૦૦ વર્ષનો છું.

જમીન પર યુદ્ધ પૂર્ણ થઈ ચુક્યું છે પરંતુ મારા માથામાંથી હજુ ગયું નથી. મારે આ વિશ્વના બીજા બાળકો જેવું બનવું છે . . . અરે વિશ્વ જવા દો, જૅરુસલૅમના બાળકો જેવું થઉ તોય ઘણું. જૅરુસલૅમમાં રહેતા મારા પિતરાઈ ભાઈઓ સાથે નૅટ પર વાત કરું છું ત્યારે મને લાગે છે કે એ એમનું બાળપણ જીવી રહ્યાં છે અને મારી માફક સહેજ પણ વિચારતા નથી. મારા વિચારો એમને કહેતા એટલા માટે ડરું છું કે ક્યાંક મને વિચિત્ર ના માની બેસે. એમને સાંભળવાનો ડોળ કરું છું અને એમની સાથે જુઠું પણ બોલું છું. અમે યુદ્ધમાં જીવ્યા છીએ એવું એ નથી જીવ્યા.

મારું કુટુંબ અને મારા કાકા અને દાદાજીના કુટુંબ બધાં મારા કાકા અનાનના વિસ્તારમાં રહેવા જતા રહ્યા કારણકે એ યુદ્ધથી દૂર હતું અને સુરક્ષિત વિસ્તાર હતો એવું અમે વિચાર્યું હતું.

બીજા દિવસે મારા કાકાના ઘરની બાજુમાં રસ્તા પર બોંબમારો થયો અને એમના ઘરની દિવાલ તૂટી ગઈ.

ત્રીજા દિવસે મારા કાકા સવારમા નાસ્તા માટે ફાઉલ અને ફલૅફલ ખરીદવા ગયા. એ પાછા ફર્યા, ઘરના દરવાજા આગળ ગાડી ઊભી રાખી અને ગાડીમાંથી ઉતરે એ પહેલા એમની પર રૉકૅટ પડ્યું. એમના શરીરનો ઉપલો હિસ્સો બહાર ડામર પર પડ્યો અને ઍમ્બ્યુલન્સ આવી ત્યારે ગાડીમાંથી એમના શરીરનો નીચલો હિસ્સો બહાર કાઢ્યો. પૅરામૅડિક્સે કાકાના ઉપલા શરીરને પ્લાસ્ટિકની કોથળીમાં મૂક્યો અને હોસ્પિટલ લઈ ગયા . . . બધાં રૂદન કરવા લાગ્યા

અને ચીસો પાડવા લાગ્યા . . . મારી અમ્મી અલ્લાહને મિન્નત કરવા લાગી કે કાકાને સહી સલામત પાછા લાવે. મને ખબર નથી અમ્મી પોતાની જાતને છેતરતી હતી કે અમને?? મારા કાકા પાછા ના જ આવ્યા અને સહી સલામત પાછા નથી જ આવવાના.

***

૨૬. માહમુદ નાજૅમ

જન્મ: ૧૯૯૪

અશ શેખ રદવાન

પહેલી વખત ગાઝાના રસ્તા સ્વચ્છ હતાં, એક પણ કાગળ કે કાર્ડબોર્ડ પડેલું નહીં. વીજળી ડૂલ હોવાને કારણે લોકો રાંધવા માટે રસ્તા પરથી કાગળ એકઠા કરી રહ્યા હતા. મારી અમ્મીને ઘરે બ્રૅડ બનાવવી નહોતી એટલે મને બેકરી મોકલ્યો. ત્યાં લોકોની કતાર ગાઝાથી છેક વૅસ્ટબૅન્ક સુધી હતી. લોકો પોતાના વારા માટે ૮ કલાક સુધી ઊભા રહેતા ત્યારે એમને બ્રૅડનું અડધું પૅકૅટ મળતું.

ક્ષણોમાં એક પૅલૅસ્ટીન્યન રૉકૅટ લૉન્ચર એ વિસ્તારમાં ઊભું કરાયું અને ઘડીના છઠ્ઠા ભાગમાં ઈઝરાયેલી વિમાનોએ એના પર બોંબમારો શરૂ કરી દીધો. લોકો ચારેય દિશામાં દોડવા લાગ્યા અને ઍમ્બ્યુલન્સ ગાડીઓ આવી ચઢી.

લોકોના મૃત્યુ થવા લાગ્યા . . . કેટલાય ઘાયલ થયા. હું આઘાતમાં હતો અને રસ્તા પરના લોકો મને કહેવા લાગ્યા અલ્લાહનો અહેસાન તું હેમખેમ છે.

ખેર, હું ઘરે તો પહોંચ્યો પરંતુ બ્રૅડ વગર. અમ્મી મારી ઊપર ઘાંટા પાડવા લાગી . . . આજ દિન સુધી એને ખબર નથી કે હું બ્રૅડ લીધા વગર કેમ ઘરે પાછો ફર્યો હતો?

***

૨૭, માહમુદ નાજૅમ

જન્મ: ૧૯૯૪

અશ શેખ રદવાન

હું પાંચ વર્ષની હતી ત્યારે એક દિવસ અમે ટાઈબિરિયસ ગયા હતા . . . સ્વર્ગ જેવું સુંદર શહેર હતું એ . . . બસમાં અમે ઘેર પાછા વળતા હતા ત્યારે કોઈએ ડ્રાઈવરને ફોન કરીને જેરૂસલૅમવાળો રસ્તો નહીં લેવા કહ્યું કારણકે શૅરૉને અલ અસ્કા મસ્જિદમાં પ્રવેશ કરી લીધો હતો. તે વખતે મને ભાન થયું કે ટાઈબિરિયસ અમારું નથી.

યુદ્ધમાં સૌ પ્રથમ નિશાન બનનાર પાસપોર્ટ મંત્રાલય પાસે રિમલ સ્કૂલ આવેલી છે જેમાં હું અભ્યાસ કરું છું. આખું મંત્રાલય ઊડીને સ્કૂલમાં પડ્યું! મારા સિવાય બધી વિદ્યાર્થીનીઓ રડવા લાગી. હું હસતી હતી અને આજ દિન સુધી મને એનું કારણ જડ્યું નથી.

ઘરે જઈને ટી.વી. ચાલુ કર્યું ત્યારે અમારી સ્કૂલની ચારેકોરના બધાં મકાનો નષ્ટ થઈ ચૂકેલા. લાશો એકબીજાની પડખે પડેલી હતી. અમારી સ્કૂલ પણ દેખાતી હતી પરંતુ મેં મારી જાતને ટી.વી. પર જોઈ નહીં તેથી મેં અલ્લાહનો અહેસાન માન્યો. હું આશા કરું છું કે એવો દિવસ ના આવે જ્યારે હું ટી.વી. પર દેખાઉં કારણકે એમાંથી મૃત્યુ સિવાય અમને કશું મળતું નથી.

યુદ્ધ બાદ લોકો બોલે એ પહેલા શું વિચારતા હોય છે એ ખબર પડવા લાગી મને. એમની આંખોમાં જોઈે એમને શું જોઈએ છે એનો અંદાજ આવી જતો હતો. મને કે મારી ઉંમરના કોઈને પણ જે બાબતોમાં સમજણ ના પડવી જોઈએ એવી પણ સમજણ પડતી ગઈ. હું બહાદુર થતી ગઈ અને વ્યવસ્થિત રીતે બોલતા ફાવી ગયું અને લોકોમાં મારો વિશ્વાસ વધી ગયો. માનવું રહ્યું કે યુદ્ધના ફાયદા હોય છે. આવું કોઈ માને? યુદ્ધ બાદ હું વધુ મજબૂત બની છું અને વધુ આત્મવિશ્વાસથી ભવિષ્ય તરફ ડગ માંડી રહી છું.

***

૨૮. વિ'એમ ઍલ ડિયૅરી

જન્મ: ૧૯૯૭

ઍસ સબરા

ગાઝામાં બારસૅલોના પાર્ક મને સૌથી વધુ પ્રિય છે. હું ત્યાં અઠવાડિયામાં ત્રણ વખત જઉં છું. આખો દિવસ હું મારા મિત્રો સાથે હિંચકા પર હસતો અને રમતો રહેતો. પરંતુ યુદ્ધ દરમ્યાન કબજો કરનારાઓએ એની ઉપર બુલડોઝર ફેરવીને નષ્ટ કરી નાખ્યો. મેં એ સ્થળની મુલાકાત લીધી ત્યારે રડી પડ્યો. અમે જ્યાં રમતા હતા, જ્યાં હિંચકા ખાતા હતા અને સાથે હસતા હતા એની સ્મૃતિ તાજી થઈ ગઈ.

મારે વકીલ બનીને શોષિત લોકો માટે લડવું છે . . . અને ગાઝામાં છે એનાથી વધુ શોષિત લોકો તમને બીજે ક્યાંય નહીં મળે કારણકે મને લાગે છે કે ગાઝા ૧૦૦ દેશ અને સાડા દસ લાખ રાષ્ટ્રપ્રમુખો બરાબર છે.

સવારના પાંચ વાગે યુદ્ધના ટેન્ક અમારા ઘર આગળ આવી પહોંચ્યા. અમ્મી ઘરમાંથી વસ્તુઓ ભેગી કરવા ઘરે પહોંચ્યા. અમ્મી ઘરમાંથી વસ્તુઓ ભેગી કરવા લાગી અને જૂજ ક્ષણોમાં બધું ઊપરતળે થઈ ગયું. બધાં ચીસો પાડવા લાગ્યા અને જે હાથમાં આવ્યું તે લઈને રસ્તા પર દોડી ગયા. અમને ક્યાં જવું એની સૂઝ પડતી નહોતી. મારા દાદીમા બોલ્યા: “તમે માત્ર સ્કૂલોમાં આશરો લઈ શકશો.” ઓહ! સ્કૂલ! અમારી સ્કૂલ બધી સ્કૂલો કરતા વધું રળિયામણી છે! એક વર્ગખંડમાં અમે ૧૦૦ જણ સૂઈ શકતા. પ્રથમ રાતથી જ મારાથી પોણો મીટર દૂર સૂતી એક છોકરી સાથે મારે ઝઘડો થઈ ગયો. મને ખ્યાલ જ નથી અમે કેવી રીતે સૂતા હતા, એકબીજા ઊપર . . . જૂના, નકામા, ભુલાઈ ગયેલા કપડાના ઢગલાની માફક.

ત્રણ દિવસ બાદ અમે અમારા ઘરે પાછા ફર્યા. બહુ બધું બદલાઈ ગયેલું. પાડોશ બદલાઈ ગયેલો અને લોકો પણ એ ના એ રહ્યા નહોતા. મારામાં આવેલો સૌથી મોટો ફરક એ હતો કે હું પંચાતિયો બની ગયો. સાચું કહું મારાથી જીભ ઉપર લગામ જ રખાતી નહોતી. થિયેટરના અમારા ટ્રેનરે મને કહ્યું કે ગાઝામાં આવું સામાન્ય છે. આખું ગાઝા એકબીજાની પંચાત કરે છે, પરંતુ મારામાં અને ગાઝાના લોકોમાં ફરક એટલો છે કે એ લોકો કબૂલાત નથી કરતા કે એ પંચાત કરે છે! જ્યારે હું મારી પૂર્ણ માનસિક ક્ષમતામાં કબૂલાત કરું છું કે હું પંચાત કરું છું.

અમુક વખત કોઈ મળે નહીં જેના વિશે હું પંચાત ના કરી શકું ત્યારે હું મારી જાત અંગે પંચાત કરું છું.

***

૨૯. યાસ્મિન જા'રૂર

જન્મ: ૧૯૯૬

અલ દરાજ

ગાઝામાં અમારું ભવિષ્ય અનિશ્ચિત અને ધૂંધળું છે . . . કોઈ પણ ઘડીએ ફાટી નીકળે એવા શાંત જ્વાળામુખી જેવું . . . જાણે તોફાની દરિયા વચ્ચે સુકાની વગરની હોડીમાં સવાર હોઈએ . . . અમે જમણે અને ડાબે ફંગોળાઈએ છીએ . . . અને કઈ બાજુ ટેકો લેવો એની અમને કોઈને સૂઝ પડતી નથી.

મારા સાંભળવામાં આવ્યું છે કે બીજા દેશોમાં બાળપણ પવિત્ર મનાય છે અને બાળકો સમસ્યા કે ડર વગર જીવન જીવતા હોય છે . . . પરંતુ ગાઝાના બાળકો ભુલાઈ ગયેલા અને ચિત્રની બહાર થઈ ગયેલા છે . . . એમને અન્યાયનો અનુભવ સૌથી વધુ થાય છે કારણકે સમાજ એમની સાથે એવી રીતે વર્તે છે જાણે એ બાળકો જ ના હોય. જ્યારે સમાજ ઈચ્છે ત્યારે એ એમને પુખ્ત બનાવી દે છે અને ઈચ્છે ત્યારે પાછા બાળક બનાવી દે છે. મોટા ભાગના લોકો એમની સાથે એવી રીતે વ્યવહાર કરે છે જાણે એમનું શરીર જ હોય, મગજ નહીં. જ્યારે હું બાળકોને રસ્તા પર પરચૂરણ ચીજો વેચતા કે દુકાનમાં કામ કરતા જોવું છું ત્યારે વિશ્વના બાળકોને રમતા, આરામ કરતા અને સુરક્ષા અનુભવતા કલ્પના કરું છું. સાચું કહું, મારું હૃદય એમના વિચારથી ભાંગી જાય છે અને ક્યારેક હું રડી પડું છું.

ગાઝામાં ના કુમાશ છે અને ના બાળપણ. અહીં છોકરો પુરુષ તરીકે જન્મ લે છે અને છોકરી દુલ્હન તરીકે જન્મે છે.

યુદ્ધ પૂર્વે અબ્બા મારી સાથે ખાસ્સા સ્નેહાળ હતા. કાશ પહેલાની માફક એ મને બાથમાં લે પરંતુ અલ્લાહ એમના પર રહેમ કરે, એ પણ કદાચ ચિંતિત રહે છે કારણકે યુદ્ધમાં અમે એક ક્ષણમાં પાંચ ડોનમ જમીન ગુમાવી છે. અમારા ૬૦ વર્ષ જુના ખેતર પર ઈઝરાયેલી સેનાએ રૉકેટ નાખ્યું અને એમાં ઉગાડેલી બધી નારંગી બળી ગઈ. અબ્બા, મારો ભાઈ અને હું પણ એ રૉકેટથી માર્યા ગયા હોત કારણકે અમે બારી નજીક ઊભા હતા. જો અબ્બાએ મને ધક્કો મારી જમીન પર પાડી ના દીધી હોત તો કાચની રજકણથી હું ઘવાઈ હોત.

યુદ્ધ બાદ હું રાફાહ ક્રોસિંગ ગઈ ત્યારે પૅલૅસ્ટાઈન અને ઈજીપ્તના ધ્વજ એકબીજાની પડખે એક તારથી જુદા પાડેલા જોયા. મને બેઉ ધ્વજો વચ્ચેનું અંતર અનુભવાયું. અમે જે મો . . . ટા કારાગારમાં જીવીએ છીએ એની સરહદ મને તારમાં દેખાઈ. મને ખ્યાલ આવ્યો કે આ દુનિયા કેટલી મૂર્ખ અને અન્યાયી છે. તમામ સરહદો તોડી નાખવાનું અને વંશો અને ધર્મો વચ્ચેના તમામ ભેદ ખત્મ કરવાનું મને મન છે જેથી વિશ્વમાં બધાં ભાઈચારાથી રહે. દુનિયાના છેડે દૂરના ટાપુ પર કોઈ સુરક્ષિત દેશમાં ભલે નાનકડું ગામ કેમ ના હોય, જીવવાનું સ્વપ્ન હું જોવા લાગી છું.

***

૩૦. યાસ્મિન અબુ અમૅર

જન્મ: ૧૯૯૬

અલ શુજા'ઈયેહ

મારે અતિભૌતિકશાસ્ત્રના (પ્રકૃતિ પાછળ જે છે) વિજ્ઞાનના વિશેષજ્ઞ બનવું છે. તમને ખબર છે શું કામ? કારણકે હું માનું છું કે ગાઝા પ્રકૃતિની પાછળ છે અને મને ગાઝામાં મારી હાજરીથી એટલું બધુ મળ્યું છે કે હું મારી કુશળતા બીજાઓને શિખવાડવા માગું છું.

શુજા'ઈયેહ છાવણી હમેંશા ઘટનાઓના કેન્દ્રમાં રહે છે. જ્યારે પણ કબજો કરનારા ગાઝા પર હુમલો કરે છે એ અમારા ઘર આગળથી પસાર થાય છે. યુદ્ધ શરૂ થયું ત્યારે લોકો એમના ઘર છોડીને સ્થાળંતર કરી ગયેલા કારણકે એમને લાગ્યું કે શુજા'ઈયેહ પર હુમલો થશે. આવા કિસ્સામાં ઘર છોડવું અમારા માટે સામાન્ય હોય છે.

બધાં અબ્બાને ફોન કરીને ઘર છોડવા સમજાવવા લાગ્યા -- ઍલજીરિયાથી મારા ભાઈઓ, અમૅરિકાથી મારા કાકાઓ, અંકારાથી મારા કાકાઓ, આખી દુનિયા આજીજી કરતી હતી પરંતુ અબ્બા ટસથી મસ થવા તૈયાર નહોતા, શુજા'ઈયેહ છોડવા તૈયાર નહોતા. ત્રણ દિવસ સુધી અમ્મી સાથે ઘરવખરી પૅક કરી અને પ્રવાસ માટે તૈયાર બેઠા છીએ . . . અમારી બહેનના ઘરે જવું છે કારણકે એ સ્થળ વધુ સલામત છે. જ્યારે અમે બોલી બોલીને થાકી ગયા ત્યારે અબ્બા માન્યા અને બોલ્યા: "તમે જાવ, હું પછી આવીશ."

અબ્બાને મૂકીને અમે કેવી રીતે જઈ શકીએ? અમ્મી હોંશિયાર હતા. એમણે ઘરમાં બ્રૅડ રહેવા દીધી. તમને ખબર છે યુદ્ધમાં બ્રૅડ કેટલી મોંઘી હોય છે. જેવા અમે મારી બહેનના ઘેર પહોંચ્યા અમ્મીએ અબ્બાને ફોન કરી કહ્યું: "સલમાન, અમે બ્રૅડ ત્યાં જ ભૂલી ગયા છીએ. આવો ત્યારે લઈને આવજો." સલમાન જાળમાં ફસાઈ ગયા અને બ્રૅડ લઈને આવી ગયા. પછી અમે એમને જવા જ ના દીધા.

બીજે દિવસે સવારે અમે ઊઠ્યા ત્યારે ફોસ્ફરસ બોંબનો ધુમાડો આખા રસ્તા પર ફેલાઈ ગયો હતો. અમે રડવા લાગ્યા . . . ફોસ્ફરસને લીધે આંખમાંથી આંસુ પડવા લાગ્યા હતા. અબ્બાના ટોણા કરતાં બોંબની અસર સહેવી સહેલી લાગી. અબ્બા કહેવા લાગ્યા: "મેં તમને કહ્યું હતું ઘરે રહીએ. આપણા માટે એ સારું હોત -- ઘર જેવી બીજી જગ્યા નહીં કોઈ," અને એમનું બોલવાનું ચાલુ રહ્યું. આગમાં ઘી ત્યારે હોમાયું જ્યારે મારી બહેનના ઘરની બાજુની મસ્જિદ અને ઘર ઉપર બોંબમારો થયો. તમે કલ્પના કરી શકો છો અબ્બાએ અમને શું શું કહ્યું હશે. અબ્બા અમને તાત્કાલિક ઘરે લઈ જવા માગતા હતા. હજુ તો એમણે વાક્ય પુરું કર્યું અને અમને સમાચાર મળ્યા કે શુજા'ઈયેહમાં અમારા પાડોશીના ઘર પર બોંબ પડ્યો હતો અને અમારા ઘરનો આગલો હિસ્સો એમાં તૂટી ગયો. ત્યારે, પહેલી વખત, અમે બધાંએ અબ્બા સામે જોયું.

અમે મારી બહેનના ત્યાં જ રહ્યાં. અમને સમજાઈ ગયું હતું કે ગાઝામાં અમે ક્યાંય પણ જઈએ, યુદ્ધ દરમ્યાન અમે સલામત નહીં રહી શકીએ.

યુદ્ધ બાદ મેં હમેંશા સ્વચ્છ અને સુઘડ પોષાક પહેરવાનું શરું કર્યું જેથી અગર હું મૃત્યુ પામું તો સરસ રીતે મરી શકું. પરંતુ સૌથી મોટી સમસ્યા એ હતી કે જો હું રૉકેટનું નિશાન બનું તો હું ૧૦૦ ટૂકડામાં વહેંચાઈ જાઉં અને મારે અકબંધ રહીને મૃત્યુ પામવું છે.

વાહ, ગાઝા અને ગાઝાના સપનાં . . . સારી જીંદગી જીવવી નહીં, સારું મૃત્યુ મરવું અમારું સપનું બની ગયું છે!

***

૩૧. યાસ્મિન કાટબેહ

જન્મ: ૧૯૯૬

અશ શેખ રદવાન

યુદ્ધ શરૂ થયું તયારે મારી અમ્મી, ભાઈઓ, બહેનો અને હું રશિયામાં હતા એટલે મને અબ્બાની બહુ જ ચિંતા થયા કરતી. અમારે રશિયા છોડીને અમારા કુટુંબ સાથે રહીને સાંપ્રત ઘટનાઓનો સામનો કરવા પાછા ગાઝા આવી જવું હતું. યુદ્ધ જેવું સમાપ્ત થયું અને નાકેબંદી ખુલી અમે ગાઝા પાછા ફર્યા અને ત્યારથી અત્યાર સુધી યુદ્ધની વાતો સાંભળી રહ્યાં છીએ.

અબ્બાની ચિંતાને કારણે હું રશિયામાં ઊંઘી શકતી નહોતી. યુદ્ધ પૂર્વે જ્યારે મોબાઈલ વાગતો અને કૉલ ગાઝાથી હોતો તો અમે ખુશ થઈને વાત કરવા દોડતા. પરંતુ યુદ્ધ દરમ્યાન જેટલી વાર મોબાઈલ વાગતો અને ગાઝાનો જાણીતો કે અજાણ્યો નંબર હોતો તો અમે બોલી ઊઠતા: “યા અલ્લાહ . . .” અને એકબીજાની સામે જોઈ રહેતા અને કોણ ફોન ઉપાડે એની રાહ જોતા.

યુદ્ધ બાદ મારામાં ઘણી બધી બાબતોમાં પરિવર્તન આવી ગયું છે. હું ચીજોને જુદી રીતે જોતી થઈ છું. મને શહેર ગમવા લાગ્યું, જીવન વધુ સુંદર બની ગયું અને સાથે હું પણ. મારા મિત્રો બદલાઈ ગયા અને મેં મોટા અને વધુ પુખ્ત મિત્રો બનાવ્યા. હું વધુ બોલકી અને બહાદુર બની ગઈ, અબ્બા સામે પણ. હવે હું કોઈનો પણ સામનો કરી શકું એમ હતી. અમ્મી અને હું મિત્ર બની ગયા છીએ. કેટલીય વખત અમે રાતે જાગીને બધી બાબતો વિશે વાતો કરીએ છીએ.

ભવિષ્યમાં જો હું મોટી થઈ શકીશ, ગાઝામાં મોટા થઈ શકવું એ સિદ્ધિ કહેવાય કારણકે મૃત્યુ તમારા દરવાજે જ ઊભું હોય છે. મારે બાળકોના રખેવાળ બનીને એમના હકની રક્ષા કરવી છે કાણકે મને લાગે છે કે પૅલૅસ્ટાઈનના બાળકો જન્મથી જ વૃધ્ધ હોય છે. ૬ વર્ષનું બાળક પણ એના કુટુંબની જવાબદારી વહન કરતું અહીં મળી શકે છે.

***